નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date 18 DECEMBER 2024 I WEDNESDAY I Page :8 I Year : 2 I Issue :219 I Price: 2/-


સામના મિરર

Dt.18/12/2024 WEDNESDAY 04

રાજકોટમાં ૧૧ માસમાં ૪.૮૩ લાખ કેસોમાં ૭૦.૭૯ કરોડનો ટ્રાફિક દંડ

રાજકોટમાં ૧૧ માસમાં ૪.૮૩ લાખ કેસોમાં ૭૦.૭૯ કરોડનો ટ્રાફિક દંડ

જુઓ પેજ નં.૫

# કાતિલ ઠંડીનો દોર, જમ્મુ-કાશ્મીરમાં તાપમાન માઈનસ ૮ ડિગ્રી થતાં લોકો ઠુઠવાયા

## શીતલહેર અને ગાઢ ધુમ્મસને કારણે સામાન્ય માનવીને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે



ઉત્તર ભારતના પર્વતીય અને મેદાની વિસ્તારોમાં શીતલહેર અને ગાઢ ધુમ્મસને કારણે સામાન્ય માનવીને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં સોમવાર અને મંગળવાર વચ્ચેની રાતમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું જે આ સીઝનનું બીજું સૌથી ઓછું તાપમાન હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પહલગામમાં માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઈનસ ૬ ડિગ્રી અને ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઈનસ ૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

કોનિબાલ માઈનસ ૮.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે કાશ્મીર ખીણમાં સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. કુપવાડામાં માઈનસ ૫.૬ ડિગ્રી અને કોકેરનાગમાં માઈનસ ૫.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું છે.

ઉત્તર ભારતની વાત કરવામાં આવે તો હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મધ્યપ્રદેશના અનેક વિસ્તારોમાં શીતલહેર ચાલી રહી છે. હિમાચલ પ્રદેશમાં હવામાન વિભાગે ઠંડીની સ્થિતિને ધ્યાનમાં રાખીને ચાર જિલ્લાઓમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જારી કરી છે. લાહોલ અને સ્પિતિના તાબોમાં લઘુતમ તાપમાન માઈનસ ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

મનાલીમાં માઈનસ ૨.૧ ડિગ્રી સેલ્સિયસ તથા શિમલામાં ૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. દિલ્હીમાં લઘુતમ તાપમાન ૫.૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. પંજાબના ફરીદકોટમાં શૂન્ય ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. હરિયાણા અને ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં ધુમ્મસને કારણે દ્રશ્યતાનું પ્રમાણ ૫૦ થી ૨૦૦ મીટર રહ્યું હતું.

# તમામ રાજ્યોમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવશે : અમિત શાહ



## ■ગાંધી–નેહરુ પરિવાર કોંગ્રેસ જ નહીં બંધારણને પણ પોતાની ખાનગી જાગીર માને છે, સત્તામાં રહેવા તેમાં સુધારા કર્યા


નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં કોંગ્રેસને બંધારણ મુદ્દે આડેહાથ લીધી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ દેશના બંધારણને એક પરિવારની ખાનગી જાગીર માને છે, અને સત્તામાં રહેવા માટે તેમાં અનેક વખત સુધારા કર્યા છે. બંધારણના ૭૫ વર્ષ પર સંસદમાં ચર્ચા દરમિયાન અમિત શાહે આ નિવેદન આપ્યું હતું. આ સાથે જ તેમણે રાહુલ ગાંધીની ઉંમર પર કટાક્ષ કરીને સવાલો ઉઠાવ્યા હતા. અમિત શાહે દાવો કર્યો હતો કે કોંગ્રેસ મુસ્લિમોને અનામત આપવા માટે અનામતના ૫૦ ટકાના કોટાની મર્યાદાને તોડવા માગે છે. સાથે જ સવાલ કર્યો હતો કે શું કોંગ્રેસ મુસ્લિમ પર્સનલ લોમાં વિશ્વાસ ધરાવે છે? કોંગ્રેસે ક્યારેય પણ પછાત વર્ગ માટે કામ નથી કર્યું. અમિત શાહે અન્ય એક મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપ ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવી છે અને સમગ્ર દેશના તમામ રાજ્યોમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે છેલ્લા ૭૫ વર્ષથી કોંગ્રેસ બંધારણના નામે છળકપટ કરી રહી છે. ગાંધી અને નેહરુ પરિવાર કોંગ્રેસને જ નહીં બંધારણને પણ પોતાની ખાનગી જાગીર માને છે.



તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ગુન્હાખોરીનું ચાઈનીઝ નેટવર્ક



છત્તીસગઢના બિજાપુર જિલ્લાનાં જંગલો સખત ગાઢ છે. મધરાતના ચન્દ્ર કિરણો પણ વનભૂમિ સુધી પહોંચે નહીં એવી ગીચ વનરાજિ અહીં છે. હવે કૃષ્ણપક્ષ છે એટલે ચન્દ્રોદય બહુ મોડો થાય અને એ પણ સાવ ઝાંખો હોય. લીલા પાંદડાઓની નસેનસમાંથી અંધકાર વરસતો હોય છે. અહીં છેલ્લા ત્રણ દાયકાઓથી નક્સલવાદીઓએ પોતાનું સામ્રાજ્ય જમાવી રાખ્યું છે. અહીં કોઈ સરકારી પરિબળ સહજ રીતે પ્રવેશી શકે નહિ એવી વ્યૂહાત્મક સંરચના નક્સલીઓએ કરેલી છે.

કેન્દ્ર સરકારે અને વિવિધ રાજ્ય સરકારોએ નક્સલવાદ પર અંકુશ મેળવી લીધો હોવાની વાત ભ્રામક પુરવાર થઈ છે. કેટલાક વરિષ્ઠ પોલીસ અધિકારીઓના પ્રયાસોથી નક્સલવાદીઓ શરણે આવ્યા હતા, પરંતુ તેમની સંખ્યા નગણ્ય છે. પછાત, આદિવાસી અને વન્ય વિસ્તારોમાં પોતાનું સામ્રાજ્ય ફેલાવતા નક્સલવાદીઓ સીધા જ ચીનના સંપર્કમાં હોય છે અને ભારતની પૂર્વોત્તર સરહદેથી આ નક્સલવાદીઓને શસ્ત્ર સરંજામ અને આર્થિક સહાય પણ મળતી રહે છે. છત્તીસગઢમાં ત્રેવીસ વીર જવાનો બે-ત્રણ વરસ પહેલા નક્સલીઓ સામે લડતા શહીદ થયા ત્યારે એ કલ્પાંતકારી ઘટનાએ દેશને ધ્રૂજાવી મૂક્યો હતો. અગાઉ છત્તીસગઢના દંતેવાડામાં નક્સલવાદી હુમલામાં ભાજપના ધારાસભ્ય ભીમા મંડાવી માર્યા ગયા અને સાથે ચાર સુરક્ષા જવાનો શહીદ થયા હતા. નક્સલવાદીઓ પર સરકારનો કોઈ જ કાબૂ નથી અને તેમની વિધ્વંસક પ્રવૃત્તિઓ અનિયંત્રિત રીતે ધમધોકાર ચાલી રહી છે. સામાન્ય વનવાસી તરીકેના વેશમાં સુરક્ષા કર્મચારીઓ નક્સલવાદીઓને ઓળખી શકતા નથી. હવે તો તેઓ અત્યાધુનિક પ્રણાલિકાઓ સહિતના વિસ્ફોટકો ધરાવે છે અને જ્યાં પણ હુમલો કરે છે ત્યાં વિનાશ વેરે છે.

છત્તીસગઢ આમ તો અગાઉ નક્સલવાદીઓનો જ ગઢ ગણાતો હતો. અનેક જવાનોની શહાદતના ભોગે સરકારે ત્યાં પરિસ્થિતિ થાળે પાડી હતી, પરંતુ છેલ્લાં બે વરસથી ચીનાઓએ મોકલેલા કરોડોના ફંડને કારણે એમની પાસે એકે - ૪૭ અને રોકેટ લોન્ચર તથા વિસ્ફોટકો આવી ગયાં છે. એટલે તેમણે ભીષણ હુમલાઓની નવેસરથી શરૂઆત કરી છે. આતંકવાદીઓ દ્વારા થતા હુમલાઓ અને નક્સલવાદીઓના આક્રમણમાં કોઈ તફાવત નથી. નક્સલીઓની એક જૂની પેટર્ન છે કે તેમને પૂરેપૂરા નાબૂદ કર્યા પછી પણ તેઓ રહી રહીને માથું ઉંચકતા રહે છે. ભારતમાં નક્સલીઓના છૂટાછવાયા હુમલાખોર ટોળા કે ટીમ હોય એવું દેખાય છે. પરંતુ હકીકતમાં તેઓની એક અખિલ ભારતીય કેડર અને ખતરનાક ભૂગર્ભ વ્યવસ્થાતંત્ર છે.લગભગ દર વરસે નક્સલી કમાન્ડરો પોતાના 'યુનિટ'માં હજારેક વનવાસી નવયુવાનોની ભરતી કરે છે અને એમને તાલીમ આપે છે. દેશમાં આ રીતે નક્સલીઓની સંખ્યા વધતી જ રહે છે. નક્સલીઓ કોઈ તોફાની ટુકડીઓ નથી, તેઓનું એક બે-નંબરી સૈન્ય છે અને એમાં ટોપ-ટુ-બોટમ પદાધિકારીઓની કેડર છે. દંતેવાડા હુમલો એ વાતની પણ ખાતરી કરાવે છે કે ચૂંટણીના કારણે ત્યાં તૈનાત હજારો સુરક્ષા જવાનોના અભેદ કવચને પાર કરીને તેઓ હુમલો કરી શકે છે. છત્તીસગઢ તો એક સાથે મતદાન થઈ જાય એવડું રાજ્ય છે તો પણ સંસદની ગત ચૂંટણીમાં નક્સલીઓના ભયથી જ રાજ્યમાં ત્રણ તબક્કામાં મતદાન કરવું પડ્યું હતું. વિધાનસભા ચૂંટણી પણ માત્ર નક્સલીઓના કારણે બે તબક્કામાં કરવી પડે છે. એના પહેલાં પણ નક્સલીઓના હુમલામાં બીએસએફના ચાર જવાનો શહીદ થયા હતા. દંતેવાડામાં તો આઈડી વિસ્ફોટ કર્યા બાદ નક્સલીઓએ ગોળીબારોની રમઝટ બોલાવી હતી. કેન્દ્રની એનડીએ સરકારે એક પણ વખત નક્સલવાદની સામે વ્યૂહાત્મક રીતે લડવા કે સૈન્ય ઓપરેશન લાગુ કરવા અંગેની મીટિંગ યોજી નથી. યુપીએ સરકારની દાનત પણ નક્સલવાદને એના મૂળથી ઉખેડી ફેંકવાની ન હતી. ભાજપે નક્સલીઓ સામે લડવા કે તેમની સાથે વાટાઘાટોથી પ્રશ્નોનો અંત લાવવા સત્તાવાર પ્રયાસો જ કર્યા નથી. નક્સલીઓ રાજ્યના અનેક ઉદ્યોગો પાસેથી હવે ખંડણી લેતા પણ થયા છે એથી એમની આર્થિક તાકાતમાં વધારો થયો છે. એમ માનવાની જરૂર નથી કે તેઓ સમાજથી વિખૂટા પડીને લડે છે, ખરેખર તો તેમના માણસો દરેક રાજકીય પક્ષમાં હયાત છે. તેઓ સતત નક્સલી કમાન્ડરોને સરકારની ગુપ્ત માહિતી આપતા રહે છે.

# ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ ફેબ્રુઆરીમાં જાહેર થશે

નવી દિલ્હી, તા.૧૭

લોકસભા ચૂંટણીમાં પરિણામોમાં પછડાટ બાદ ભાજપે જે રીતે તેના સંગઠનને ફરી દોડતું કરીને મહારાષ્ટ્ર અને હરિયાણાની ચૂંટણી જીત્યા બાદ હવે સંગઠન નવરચના પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને તેમાં નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં ફરી એક વખત વિલંબ થાય તેવી શક્યતા છે.સુત્રોના જણાવ્યા મુજબ ભાજપે રાજ્યમાં સંગઠન નવરચનાની પ્રક્રિયાને ગતિ આપી છે અને નવા રાષ્ટ્રીય પ્રમુખ ફેબ્રુઆરીમાં જાહેર થાય તેવી શક્યતા છે. પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ રાજ્યોમાં સંગઠન નવરચના પ્રક્રિયા તેના નિર્ધારિત કાર્યક્રમ મુજબ આગળ વધી રહી છે અને ૫૦ ટકા જેટલા રાજ્યો જાન્યુઆરી મધ્યસ્થ સુધીમાં નવા પ્રદેશ સંગઠન મેળવી લેશે.

તેથી રાષ્ટ્રીય પ્રમુખ માટે નિયુક્તિનો માર્ગ ખુલ્લી જશે. ૬૦ જેટલા રાજ્યોમાં ભાજપના પ્રદેશ પ્રમુખોની મુદ્દત પુરી થઇ છે અને તેના રીપ્લેશમેન્ટની પ્રક્રિયા ચાલુ છે જે આગામી માસના મધ્યસ્થ સુધીમાં પુરી કરી દેવાશે. એક વખત ૫૦ ટકાથી વધુ રાજ્યમાં નવું સંગઠન માળખુ રચાય જાય પછી ભાજપના બંધારણ મુજબ નવા રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ કરી શકાય. શ્રી નડ્ડાના કાર્યકાળ આ વર્ષના જુલાઇ સુધી લંબાયો હતો પરંતુ ત્યારબાદ ચૂંટણીઓનો સમય હોવાથી નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં વિલંબ થયો છે

# દેશ બાબર - ઔરંગઝેબની નહીં પણ રામ-કૃષ્ણની પરંપરા પર ચાલશેઃ યોગી આદિત્યનાથ

## પ્રિયંકા ગાંધીની બેગ ફરી ચર્ચામાં યોગીએ બેગનો વિરોધ કર્યો

લખનૌ સીએમ યોગી આદિત્યનાથે સોમવારે વિધાનસભામાં વિપક્ષને કહ્યું કે દેશ રામ, કૃષ્ણ અને બુદ્ધની પરંપરા પ્રમાણે ચાલશે, બાબર-ઔરંગઝેબની પરંપરા પ્રમાણે નહીં. મોહરમ કે અન્ય કોઈ તહેવારનું સરઘસ હિંદુ વિસ્તારમાંથી સુરક્ષિત રીતે પસાર થાય છે, મંદિરની સામે, ક્યારેય કોઈ સમસ્યા થતી નથી. મસ્જિદની સામેથી કે મુસ્લિમ પ્રભુત્વવાળા વિસ્તારમાંથી હિંદુ સરઘસ પસાર થાય ત્યારે સમસ્યા શા માટે ઊભી થાય છે ? શું રોડ કોઈની અંગત મિલકત છે ? શું ભારતની ધરતી પર ભગવો ધ્વજ લહેરાવી ન શકાય ? જેમ કોઈપણ ધર્મનાં તહેવારો દરમિયાન કોઈ સમસ્યા નથી હોતી, તેવી જ રીતે જો કોઈ હિંદુ તહેવાર દરમિયાન કોઈ સમસ્યા સર્જશે તો સરકાર તેની સામે કડક કાર્યવાહી કરશે.



વિધાનસભાનાં શિયાળુ સત્રનાં પહેલાં જ દિવસે વિપક્ષે કાર્યવાહી અટકાવીને સંભલના મુદ્દા પર ચર્ચાની માંગ કરી હતી. તેમણે સરકાર પર સાંપ્રદાયિક ઉન્માદ ફેલાવવાનો અને બંધારણની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. તેનાં જવાબમાં યોગીએ કહ્યું કે બહરાઇચ અને સંભલની ઘટનાઓમાં વહીવટીતંત્રની કાર્યવાહી ન્યાયી રીતે આગળ વધી રહી છે. સંભલ ઘટનામાં ન્યાયિક પંચની રચના કરવામાં આવી છે. તેનાં સભ્યો નિવેદન લેશે, દરેકની વાત સાંભળશે અને સત્ય બહાર લાવશે. કોઈપણ નિર્દોષ વ્યક્તિને કોઈ મુશ્કેલી નહીં પડે, પરંતુ દોષિતોને કોઈ બચાવી શકશે નહીં. ગેરકાયદેસર હથિયારોથી ફાયરિંગ, પિસ્તોલ લહેરાવી, પથ્થરમારો અને ધાબા પર પથ્થર એકઠાં કરવાનાં વીડિયો ફૂટેજ છે, જેનાં આધારે તપાસ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી ગઈકાલે પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને સંસદ પહોંચ્યાં હતાં, જેનાં પર ભાજપે તેમને ઘેરી લીધાં હતાં અને બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ થઈ રહેલી હિંસા સામે અવાજ ઉઠાવવા પણ કહ્યું હતું. આજે પ્રિયંકા ગાંધી બીજી નવી બેગ લઈને પહોંચ્યાં, જેનાં પર લખ્યું હતું કે, ''બાંગ્લાદેશનાં હિંદુઓ અને ખ્રિસ્તીઓ સાથે ઉભાં રહો.જેનાં પર યોગી આદિત્યનાથે વિરોધ કર્યો હતો.

# એક દેશ એક ચૂંટણી ખરડો ૨૬૯ વિ. ૧૯૮ મતોએ લોકસભામાં દાખલ

## દેશના ચૂંટણીના રાજકારણને બદલી શકતા મોદી સરકારના મહત્વના ખરડો વધુ વિચારણા માટે સંયુક્ત સંસદીય સમીતીને સુપ્રત



નવી દિલ્હી દેશમાં આગામી સમયમાં દેશના ચુંટણીના રાજકારણમાં મોટા બદલાવ લાવી શકતા એક દેશ- એક ચુંટણીનો ખરડો આજે ભારે બહુમતીથી લોકસભામાં દાખલ થયો છે અને હવે આ ખરડો વધુ વિચારણા માટે સંસદીય સમીતીને સુપ્રત કરાયો છે.

કેન્દ્રની મોદી સરકાર દ્વારા લાંબા સમયથી દેશમાં વારંવાર યોજાતી ચુંટણીઓ મુદ્દે જે રીતે જંગી ખર્ચ થઈ રહ્યો છે અને ચુંટણીના કારણે લાગુ પડતી આચારસંહિતાથી વિકાસ કામો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની કામગીરીને પણ અસર થઈ રહી છે તેને કાયમી રીતે નિવારવા દેશમાં લોકસભા અને તમામ રાજ્યોની ધારાસભાઓની ચુંટણીમાં એક જ સમયે એક સાથે યોજાય તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની અલગથી દેશમાં પાંચ વર્ષમાં બે જ વખત ચુંટણીઓ યોજાવાની તૈયારી છે.આજે લોકસભામાં કાનૂનમંત્રી શ્રી અર્જુન મેઘવાલે આ અંગેનો ખરડો રજુ કરતા જ વિપક્ષોએ તેનો જોરદાર વિરોધ કર્યો હતો. ભાજપે ખરડો સરળતાથી પસાર થઈ જાય તે હેતુથી તેના અને એકંદરે એનડીએના સાંસદોને ગૃહમાં હાજર રહેવા માટે વ્હીપ આપ્યો હતો. વિપક્ષોએ આ પ્રસ્તાવ દાખલ કરવા માટે વોટીંગ માંગતા સરકાર તેના માટે પણ તૈયાર થઈ ગઈ હતી.

પ્રારંભમાં પ્રથમ વોટીંગમાં ૨૨૦ મતો ખરડાની તરફેણમાં પડયા હતા અને વિરોધમાં ૧૪૯ મતો પડતા સાંસદોને તેના પર બોલવા માટે સમય અપાયો પણ ઈલેકટ્રોનીક મતદાન સામે અનેક સાંસદોએ વિરોધ કરતા લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ સભ્યોને તેમનો મત બદલવા માટે સ્લીપથી મતદાન કરાવવાનો નિર્ણય લીધા બાદ ખરડો ફરી રજૂ થયો અને તેમાં ખરડાની તરફેણમાં ૨૬૯ અને વિરોધ ૧૯૮ મતો પડતા ખરડો લોકસભામાં દાખલ થઈ ગયો હતો.

આજના ખરડામાં બંધારણ સુધારા વિધેયક ૧૨૯ પણ સામેલ છે. ઉપરાંત અન્ય બે કાનૂનોમાં પણ સમાવેશ થાય છે. જેમાં કેન્દ્ર શાસીત પ્રદેશો સંબંધીત ત્રણ કાનૂનોમાં સુધારા કરવાનો પ્રસ્તાવ છે. જેમાં જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજ્જો આપવાની જોગવાઈ પણ છે.

અગાઉ લોકસભા અધ્યક્ષે સભ્યોને ખરડો રજુ કરવા માટે અપીલ કરતા કહ્યું કે સભ્યોને ચર્ચા માટે જેટલો સમય ઈચ્છો તેટલો મળશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ દરમ્યાનગીરી કરતા કહ્યું કે સરકાર કોઈ ઉતાવળ કરવા માંગતી નથી અને તેમજ અગાઉ જાહેર કર્યા મુજબ વધુ વિચારણા માટે સંયુક્ત સંસદીય સમીતીને સુપ્રત કરાશે. આજે ખરડાને ટેકો આપનાર પક્ષમાં તેલુગુદેશમ અને જનતાદળ (યુ)નો પણ સમાવેશ થતો હતો. આમ એનડીએ અકબંધ રહ્યું છે તો કોંગ્રેસ-સમાજવાદી પક્ષ-ટીસીએસ-આરજેડી-શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) તથા ઝારખંડ મુક્તિ મોરચાએ વિરોધ કર્યો હતો.કોંગ્રેસ પક્ષે આ ખરડા કરતા બેરોજગારી-મોંઘવારી જેવા મુદાઓ અગત્યના હોવાનું જણાવી તેના પર ચર્ચા માંગી હતી પણ સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજજુએ જણાવ્યું કે આ કોઈ પક્ષ કે વ્યક્તિ માટે નહી પરંતુ દેશ માટે મહત્વનું છે અને વિપક્ષો નકારાત્મક વલણ નહી રાખે તેવી અપેક્ષા છે.

## ઈમરજન્સી દેશ બચાવવા માટે નહીં ખુરશી બચાવવા માટે હતીઃ જેપી નડ્ડા



નવી દિલ્હીઃ આજે રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ ઈમરજન્સી સહિત અનેક મુદ્દાઓ પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતાં. તેમણે કહ્યું કે ભારત માત્ર સૌથી મોટી લોકશાહી નથી, પરંતુ તે લોકશાહીની માતા પણ છે.નડ્ડાએ કહ્યું કે આપણે જે તહેવારો ઉજવીએ છીએ, તે એક રીતે બંધારણ પ્રત્યેનાં અમારાં સમર્પણને, બંધારણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. મને વિશ્વાસ છે કે અમે આ તકનો સારો ઉપયોગ કરીશું અને રાષ્ટ્રીય ધ્યેય હાંસલ કરીશું. આપણે બધાં જાણીએ છીએ કે ભારત સૌથી મોટી લોકશાહી છે, પરંતુ આપણાં વડાપ્રધાને કહ્યું કે તે માત્ર સૌથી મોટી લોકશાહી નથી, પરંતુ તે લોકશાહીની માતા પણ છે.

તેમણે કહ્યું કે જ્યારે આપણે સંસ્કૃતિની વાત કરીએ છીએ ત્યારે ક્યારેક લોકોને એવું લાગે છે કે આપણે પ્રગતિશીલ નથી. હું તેમનું ધ્યાન એ હકીકત તરફ દોરવા માંગુ છું કે બંધારણની મૂળ નકલમાં પણ અજંતા અને ઈલોરાની ગુફાઓની છાપ હતી. અમે તેનાં પર કમળની છાપ પણ જોઈએ છીએ. કમળ એ વાતનું પ્રતીક છે કે કાદવ અને કચરામાંથી બહાર આવીને આઝાદીની લડાઈ લડ્યાં પછી આપણે એક નવી સવાર અને નવાં બંધારણ સાથે ઊભાં થવા તૈયાર છીએ. તેથી, આપણું બંધારણ પણ આપણને કમળમાંથી પ્રેરણા આપે છે કે તમામ મુશ્કેલીઓ છતાં આપણે લોકશાહીને મજબૂત કરવામાં કોઈ કસર નહીં છોડીએ.





# રાજકોટમાં ૧૧ માસમાં ૪.૮૩ લાખ કેસોમાં ૭૦.૭૯ કરોડનો ટ્રાફિક દંડ

રાજકોટ તા.૧૭

ટ્રાફિક કાયદામાં આકરા નિયમો છતાં રાજયભરમાં વાહનચાલકો છડેચોક નિયમોનો ભંગ કરતા જ રહે છે. પોલીસ-તંત્ર દ્વારા રેન્ડમ ચેકીંગ કરવામાં આવતુ હોવા છતા લાખો કેસ થાય છે. ચાલુ વર્ષના ૧૧ જ મહિનામાં માત્ર રાજકોટમાં ૪.૮૩ લાખ ચલણ ઈસ્યુ થયા હતા અને તેમાં ૭૦.૭૯ કરોડનો દંડ ફટકારવામાં આવ્યા છે.

રાજકોટમાં આ બે બ્રીજ બની જાય તેટલો ટ્રાફિક દંડ છે. સમગ્ર રાજયમાં ટ્રાફિક દંડમાં અમદાવાદ પછી રાજકોટનો નંબર છે. અમદાવાદમાં ૨૦૨૩માં ૩.૮૬ લાખથી વધુ વાહનચાલકોને રૂપિયા ૨૫.૯૬ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો જેની સરખામણીમાં જાન્યુઆરી ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ એટલે કે ૧૧ મહિના સુધીમાં ૧૫ લાખથી વધુ (300%) વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો છે. જેની રકમ અંદાજે ૧૦૦ કરોડથી વધુ છે. રાજકોટવાસીઓને ૧૧ મહિનામાં ૭૦ કરોડથી વધુનો દંડ ટ્રાફિક નિયમોના ભંગમાં બીજા નંબરે રાજકોટવાસીઓ આવી રહ્યા છે. રાજકોટની વાત કરવામાં આવે તો છેલ્લા એક દાયકાથી રાજકોટમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પોલીસ સીસીટીવી કેમેરા મારફતે નિયમ ભંગ કરનાર વાહનચાલકોને ઈ-મેમો આપી દંડ ફટકારે છે તેમ છતાં રાજકોટવાસીઓ હમ નહીં સુધરેંગેનું વર્તન કરી રહ્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. રાજકોટ માં રજિસ્ટ્રેશન મુજબ શહેરમાં કુલ ૧૮ લાખ વાહનચાલકો હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ શહેર પોલીસના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષે જાન્યુઆરી ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ એટલે કે ૧૧ મહિના સુધીમાં કુલ ૪,૮૩,૭૯૫ લાખ ઇ-ચલણ મારફતે રૂપિયા ૭૦,૭૯,૧૧,૨૦૦ નો દંડ રાજકોટવાસીઓને ફટકારવામાં આવ્યો છે. જેની સામે માત્ર ૧,૫૬,૩૦૦ ઇ-ચલણની ૭,૬૭,૦૦,૨૮૯ દંડની રકમ ભરપાઈ થઈ હોવાનું સામે આવ્યું છે. એટલે કે હજુ પણ રાજકોટ પોલીસને ૩,૨૭,૪૯૫ ઇ-ચલણના રૂપિયા ૬૩ કરોડથી વધુની રકમ વસૂલાત કરવાની બાકી છે.રાજકોટ પોલીસ દ્વારા ૧૧ મહિનામાં કુલ ૪.૮૩ લાખથી વધુ વાહનચાલકોને રૂપિયા ૭૦.૭૯ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ ખાતેના સીસીટીવી મારફત રૂપિયા ૨૩,૮૦,૦૮,૮૦૦ કિંમતના ૨,૫૮,૩૧૧ ચલણ ઇશ્યૂ કરવામાં આવ્યા છે.

ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલી એપ્લિકેશન મારફત રૂપિયા ૧૨,૫૫,૯૩,૮૫૦ કિંમતના ૨,૩૮,૨૯૩ મેમા ઇશ્યૂ કરવામાં આવ્યા છે અને પોલીસ સ્ટેશન મારફત કરવામાં આવેલા વાહન ચેકિંગ કામગીરીમાં રૂપિયા ૪૮,૦૮,૫૫૦ કિંમતના કુલ ૭,૧૯૮ ચલણ ઇશ્યૂ કરવામાં આવ્યા છે. ટ્રાફિક નિયમ ભંગમાં ત્રીજા નંબરે સુરત શહેર આવી રહ્યું છે. સુરત શહેરમાં કુલ ૪૧.૯૪ લાખ વાહનચાલકો છે, ત્યારે ચાલુ વર્ષે એટલે કે ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં મોબાઇલ એપ્લિકેશન દ્વારા ૧,૮૪,૭૧૭ ચલણ બનાવવામાં આવ્યા છે, જેમાં ૧૭,૭૪,૪૫,૭૦૫ રૂપિયાની દંડની કાર્યવાહી કરવામાં આવી છે. ઓન-રોડ રિકવરી અંતર્ગત ૩૧,૩૨૧ ચલણથી ૧,૧૬,૪૪,૬૫૦ રૂપિયાની કાર્યવાહી થઈ છે. હેલમેટ નહીં પહેરવી, સીટ બેલ્ટ નહીં બાંધવો, લાઈસન્સ વગર વાહન ચલાવવું જેવા વિવિધ કારણોસર ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૧૮૨૫ વાહન ચાલકો દંડાય છે. તેમની પાસેથી કુલ સરેરાશ ૩૭ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. આમ પ્રત્યેક વાહન ચાલકો દરરોજ સરેરાશ રૂપિયા બે હજારનો દંડ ચૂકવે છે.મળતી માહિતી અનુસાર, ગુજરાતમાં પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન રાજ્યમાંથી કુલ ૩૩.૩૧ લાખ ચલાન ઈસ્યુ થયેલા છે અને તેમના દ્વારા ૬૮૦ કરોડ રૂપિયાનો દંડ ચૂકવવામાં આવ્યો છે. અલબત્ત, અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં વાહન ચાલકોને ચલાન ઈસ્યુ થવાનું પ્રમાણ ઓછું છે.આ દરમિયાન તામિલનાડુમાંથી સૌથી વધુ ૫.૫૭ કરોડ ચલાન ઈસ્યુ થયેલા અને વાહન ચાલકો પાસેથી ૭૫૫ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ઉત્તપ્ર દેશના વાહન ચાલકોને ૪.૪૦ કરોડ મેમો ઈસ્યુ થયેલા અને અને ત્યાંના વાહન ચાલકોએ અધધધ ૨૪૯૫ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા.સૌથી વધુ મેમો ઈસ્યુ થવામાં કેરળ ત્રીજા, હરિયાણા ચૌથા અને દિલ્હી પાંચમાં સ્થાને છે. જાણકારોના મતે, અકસ્માતના કેસ વધારે થાય ત્યારે વર્ષના વચલે દહાડે ટ્રાફિક પોલીસ ડ્રાઈવ યોજીને સંતોષ માની લે છે. હકીકતમાં આ ટ્રાફિક ડ્રાઇવ જેવો માહોલ વર્ષમાં મોટાભાગના દિવસ હોવો જોઈએ. પૂરપાટ દોડતા તેમજ મોબાઈલ પર વાત કરતાં-કરતાં વાહન ચલાવ નારાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે.

**૧.૫૬ લાખ વાહન ચાલકોએ જ ૭.૬૭ કરોડનો દંડ ભર્યો ૯૦ ટકા વસુલાત બાકીઃ સમગ્ર રાજયમાં અમદાવાદ બાદ રાજકોટ બીજા ક્રમે**



# ગેરકાયદે બાંધકામો નિયમબધ્ધ કરાવવા વધુ એક તકઃ રાજકોટમાં ૩૮૯૩ અરજી મંજૂર-૫૩૧૦ પેન્ડીંગ

રાજકોટ, તા.૧૮

રાજ્ય સરકારે ઈમ્પેકટ હેઠળ અનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા જાહેર કરેલી ઈમ્પેકટ ફી યોજનાની મુદ્દતમાં ગઇકાલે ફરી વધારો કરવામાં આવ્યો છે. પૂરા રાજ્યમાં આવા બાંધકામ રેગ્યુલર કરવા નવી છ મહિનાની મુદ્દત મળી છે ત્યારે ૨૦૨૨થી ૨૦૨૪ સુધીની કુલ ચાર મુદતમાં રાજકોટના જુદા જુદા ૧૮ વોર્ડમાં ૧૦૧૪૬ અરજીઓ આવી છે. આ પૈકી ૪૦ ટકા જેટલી એટલે કે ૩૮૯૩ અરજી મંજૂર થઇ છે તો ૫૩૦૦થી વધુ અરજી હજુ પ્રક્રિયામાં રહેલી છે.

છેલ્લે વધારવામાં આવેલી મુદતમાં પાર્કિંગમાં રહેલા બાંધકામો કાયદેસર કરવા વધુ છુટછાટ આપવામાં આવી હતી. જેનો લાભ કોમર્શિયલ મિલ્કતધારકોને વધુ મળે તેમ છે. આ યોજનામાં હજુ ગેરકાયદે બાંધકામોની સંખ્યાના પ્રમાણમાં સંતોષકારક અરજીઓ થઇ નથી. આથી સરકારે ગઇકાલે જાહેરનામુ પ્રસિધ્ધ કરીને મુદ્દતમાં વધુ છ મહિનાનો વધારો કર્યો છે.

**રાજ્ય સરકારે પાંચમી વખત છ મહિના મુદ્દત લંબાવી મહાનગરમાં બે વર્ષમાં ૧૦૧૪૬ પ્લાન ઈન્વર્ડ થયા કોમર્શિયલમાં ગોલમાલવાળી સહિત ૯૪૩ ફાઈલ રીજેકટ!**

બીજી તરફ કોર્પો.માં જે સાડા નવસો જેટલી અરજી નામંજૂર થઇ છે તેમાં અમુક પ્રકારની ગેરરીતિઓ પણ ધ્યાને આવી છે. અમુક કેસમાં યોજના જાહેર થયા બાદ ગેરકાયદે બાંધકામ થવા કે વધારી દેવાની ગોલમાલ પણ દેખાઇ હોય, અનેક કોમર્શિયલ પ્લાન ફગાવી દેવામાં આવ્યાનું સુત્રોમાંથી મળ્યું છે. મનપા ટીપી શાખામાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ આ યોજનાની મુદત કુલ ચાર વખત વધારવામાં આવી છે. બે વર્ષમાં તા. ૧-૧૦-૨૨થી ૧૬-૧૦-૨૪ સુધીના સમયગાળામાં રાજકોટ શહેરી વિસ્તારમાં ઓનલાઈન ૩૦૮૪ અને ઓફલાઈન ૭૦૬૨ મળી કુલ ૧૦૧૪૬ અરજી ઈન્વર્ડ થઇ હતી. આ પૈકી ઓનલાઈન ૧૫૯૭ અને ઓફલાઈન ૨૨૯૬ મળી ૩૮૯૩ પ્લાન માન્ય રાખવામાં આવ્યા છે. તો ઓનલાઈનમાં ૫૬૭ અને ઓફલાઈનમાં ૩૭૬ મળી કુલ ૯૪૩ પ્લાન રીજેકટ કરવામાં આવ્યા છે. અમુક કોમર્શિયલ પ્લાનમાં ગેરઈરાદા અને યોજનાનો ગેરલાભ લેવાનો પ્રયાસ થયાનું ધ્યાન પર આવતા તે નામંજૂર કરી દેવામાં આવ્યા છે. હાલ ઓનલાઈન આવેલા પૈકી ૯૨૦ અને ઓફલાઈન આવેલા પૈકી ૪૩૯૦ મળી ૫૩૧૦ પ્લાન પેન્ડીંગ રહ્યા છે. ચકાસણી, દસ્તાવેજોની પૂર્તતા, અમુક વિસંગતતા સહિતના કારણોથી આ પ્લાન હજુ મંજૂર થયા નથી. જે તે વોર્ડના અધિકારીઓ ફાઈલ અને સ્થળ ચકાસણી કર્યા બાદ નિર્ણય લેતા હોય છે. રાજકોટમાં વેસ્ટ ઝોનમાં સૌથી વધુ પ્લાન ઈન્વર્ડ થયા છે. તેવામાં ઈમ્પેકટ ફી યોજનાની મુદત વધુ એક વખત વધતા આવા આસામીઓને સરકાર તરફથી વધુ એક તક મળી છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમીવાર વધારો કરતા હવે વધુ છ મહિનાની મુદત લંબાવવામાં આવી છે. રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદે બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેકટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના લંબાવાઇ છે.

# ગુજરાતમાં દર ૧૦ હજાર દર્દીઓ દીઠ માત્ર ૭૬ બેડ

અમદાવાદઃ લોકસભામાં રજૂ કરવામાં આવેલાં ડેટા અનુસાર ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર ૧૦૦૦૦ વસ્તી દીઠ ૭૬ બેડ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૭ બેડને વટાવી ગયો છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં રાજ્ય સરકાર સંચાલિત આરોગ્ય સુવિધાઓમાં ૪૬૨૩૭ બેડ હતાં. જે ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા પર આધારિત છે.

**કેરળ અને તામિલનાડુમાં ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચ પર ગુજરાતનું પાંચમુ સ્થાન**

જે અનુસાર ગુજરાતમાં ૬.૦૪ કરોડની વસ્તી હતી. કેરળ અને તમિલનાડુ રાજ્યોમાં અનુક્રમે ૧૦૦૦૦ની વસ્તી દીઠ ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચનાં રાજ્યોમાં છે.મેડિકલ કોલેજ હોસ્પિટલો, જે એક તૃતીય આરોગ્ય સંભાળ પૂરી પાડે છે જે કુલ બેડના ૩૯ ટકાનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. સામુદાયિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૪ ટકા છે જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૦ ટકા છે. જિલ્લા હોસ્પિટલોનો હિસ્સો અનુક્રમે ૧૦ ટકા અને પેટા જિલ્લા હોસ્પિટલનો હિસ્સો ૭ ટકા છે.

ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ્સ ધોરણો અનુસાર પીએચસીમાં ૨૦૦૦૦-૩૦૦૦૦ ની વસ્તી દીઠ છ ઈન્ડોર અથવા ઓબ્ઝર્વેશન બેડ હોવા જોઈએ. સીએચસીની ૩૦ બેડવાળી હોસ્પિટલો ૮૦૦૦૦-૧૨૦૦૦૦ લોકોને આવરી લે છે, પેટા જિલ્લા હોસ્પિટલો ૩૧-૧૦૦ બેડ સાથે એક લાખથી ૫ લાખ લોકોને આવરી લે છે. જિલ્લા હોસ્પિટલો ૧૦૦ થી ૫૦૦ બેડ સાથે ૩૦ લાખ સુધીની વસ્તીને આવરી લે છે. જાહેર આરોગ્ય નિષ્ણાતે જણાવ્યું હતું કે "કોવિડ પછી, રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હોસ્પિટલની બેડોની સંખ્યામાં વધારો થયો છે. જો કે, સમયની જરૂરિયાત એ છે કે ગ્રામીણ આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત કરવી જોઈએ. અમદાવાદ જેવાં શહેરોમાં એકંદરે બિન ચેપી રોગોમાં વધારો થયો છે, અને સમયસર અને સસ્તી સારવાર માટે સરકારી હોસ્પિટલો જરૂરી છે.

# કડકડતી ઠંડી સાથે બજારમાં જીંજરાની આવક વધવા લાગી



રાજકોટ તા.૧૭

છેલ્લા ત્રણથી ચાર દિવસથી કડકડતી ઠંડી પડી રહી છે. રાજકોટના લોકો આ ગુલાબી ઠંડીને ખુબ માણી રહ્યા છે. શિયાળો એટલે ભરપુર લીલોતરી આરોગવાનો શ્રેષ્ઠ સમય. આ ઋતુમાં લોકો લીલોતરી આરોગી શરીરને તંદુરસ્ત રાખે છે. ખાસ કરીને લીલા ચણા કહેવાતા જીંજરાનું વેચાણ પણ બહોળા પ્રમાણમાં થાય છે. ત્યારે હવે બજારમાં જીંજરાનું વેચાણ થવા લાગ્યું છે.

શિયાળામાં જીંજરા આરોગવાથી શરીરને અનેક ફાયદાઓ મળે છે. યાર્ડમાં છેલ્લા ૧૫ દિવસથી જીંજરાની આવક ચાલુ થઈ છે. આ વર્ષે કમોસમી વરસાદ પડવાના કારણે જીંજરાની આવક એક મહિનો મોડી છે. વરસાદના કારણે પાક બગડયો હતો અને ત્યારબાદ નવા વાવેતર બાદ હાલ નવી આવક ચાલુ થઈ છે. પરંતુ યોગ્ય ગુણવત્તાયુકત જીંજરાની આવક હજુ પણ ઓછી છે. દર વર્ષે આ સમયગાળા દરમ્યાન જીંજરાની મબલખ આવક શરૂ થઈ જાય છે અને ભાવ પણ ઓછા હોય છે. જેની સામે હાલ આવક ૬૦ ટકા ઓછી છે અને ભાવ પણ વધુ છે. હાલ યાર્ડમાં રોજ ૪૦થી ૫૦ ગાડી જીંજરાની આવક આવી રહી છે. લોધીકા સહિત રાજકોટના આજુબાજુના ગામડાઓમાંથી જીંજરાની ગાડીઓ આવી રહી છે. મોડી આવક શરૂ થતા ભાવ પણ વધુ છે. યાર્ડમાં જીંજરા રૂા.૨૦૦થી ૫૦૦ના ૨૦ કિલોએ વહેંચાય રહ્યા છે. જયારે બજારમાં ૧૫૦થી ૨૦૦ના કિલોએ વહેંચાય રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે ઠંડીનો પારો ૯ ડિગ્રીએ પહોંચ્યો હતો. જો આગામી સમયમાં કડકડતી ઠંડી પડશે તો જીંજરાની આવકમાં વધારો થશે અને ભાવ પણ ઘટે તેવી શકયતા છે.

# નલિયાને બાદ કરતા અન્યત્ર ઠંડીમાં આંશિક ઘટાડો

## નલિયામાં ૬.૫ ડિગ્રી રાજકોટમાં ૧૦.૮, અમરેલી – જામનગર, અમદાવાદ, ભુજ, ડિસામાં ૧૧ ડિગ્રી લઘુતમ તાપમાન

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાવા પામ્યો છે. જોકે શિત લહેરોનું જોર હજુ યથાવત રહેતા લોકો તિવ્ર ઠંડી અનુભવી રહ્યા છે. ખાસ કરીને નલિયા હજુ પણ ઠંડુબોળ રહેવા પામ્યું છે. આજરોજ પણ નલિયા ખાતે ૬.૫ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઈ હતી.

આ ઉપરાંત રાજકોટમાં પણ ૧૦.૮ ડિગ્રી સાથે તિવ્ર ઠાર અનુભવાયો હતો. જયારે અમદાવાદમાં ૧૧.૮, અમરેલીમાં ૧૧.૬, વડોદરામાં ૨૦.૨, ભાવનગરમાં ૧૪.૪, ભુજમાં ૧૧.૫, દમણમાં ૧૩, ડિસામાં ૧૧, દિવમાં ૧૩.૧, દ્વારકામાં ૧૭.૨, કંડલામાં ૧૪, ઓખામાં ૧૯.૬, પોરબંદરમાં ૧૨.૮ અને વેરાવળ ખાતે ૧૭.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

તેમજ જામનગરમાં આજે સવારે પૂરા થતા ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રી ઘટી જતાં ઠંડીનો પારો ૧૧.૫ ડિગ્રીએ પહોંચતા લોકો ધ્રુજી ઉઠ્યા હતાં. દિવસભર કાતિલ ઠંડા પવનના કારણે વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. ઠંડી વધતા શહેરના મુખ્ય માર્ગો પર લોકોની ચહલપહલમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ઉતરભારતમાં હીમવર્ષાની અસર હાલારમાં પણ જોવા મળી રહી છે. જેના કારણે ઠંડીમાં વધારો થયો છે. જામનગરમાં છેલ્લા ૨૪ દરમિયાન ૧ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૧.૫ ડીગ્રી અને ૧ ડીગ્રી વધીને મહત્તમ તાપમાન ૨૬.૬ ડીગ્રી નોંધાયું હતું.

તાપમાનમાં થયેલા ઘટાડાના પગલે ઠંડીમાં વધારો થયો છે. સાંજથી લઈને વહેલી સવાર સુધી તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. કડકડતી ઠંડીથી નગરજનો ધ્રુજી ઊઠ્યા હતાં. ઠંડી સામે રક્ષણ મળે તે માટે લોકોએ ગરમ કપડા તથા કાવા સહિતના ગરમ પીણાનો સહારો લીધો હતો. નગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૫ ટકા રહ્યું હતું.

પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૫.૬ કિ.મી.ની રહેવા પામી હતી. લઘુતમ તાપમાનમાં વધારા ઘટાડાનો દોર ચાલી રહ્યો છે. ત્યારે પુન ઠંડીનો પારો ગગડયો હતો, આથી તિવ્ર ઠંડીને કારણે જનજીવન ધ્રુજી ઉઠયું હતું.



### સિઝનની સૌથી વધુ ઠંડી નલિયા બાદ રાજકોટમાં નોંધાઈ

ગુજરાતમાં શિયાળાની ઠંડી ભુક્કા બોલાવી રહી છે અને ગત વર્ષે જે ઓછી ઠંડી નોંધાઈ હતી તેને સરભર કરવા જાણે કે ઠંડીએ નક્કી જ કરી લીધું હોય તે પ્રકારે હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આ વર્ષની ઠંડીમાં આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યાં રાજકોટમાં સામાન્ય ઠંડી રહેતી હોય છે તેને બદલે આ વર્ષે ગાત્રો થીજવતી ઠંડી રાજકોટવાસીઓ અનુભવી રહ્યા છે.છેલ્લાં દસ વર્ષમાં પ્રથમ વખત રાજકોટવાસીઓએ શીતલ લહેરનો પણ અનુભવ કર્યો છે એટલે કે ગુજરાત રાજ્યમાં સામાન્ય રીતે કચ્છના નલિયામાં અને બનાસકાંઠાના ડીસામાં કોલ્ડવેવની અસર વર્તાતી હોય છે, પરંતુ આ વર્ષે સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ કોલ્ડવેવની અસર સતત બે દિવસ સુધી રહી હતી. એટલે કે શું રાજકોટ ગુજરાત રાજ્યનું બીજું નલિયા બની રહ્યું છે તેવો પણ પ્રશ્નો ઉદ્ભવે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ શુષ્ક રહેવાની સાથે તાપમાન પણ યથાવત રહેશે. પરંતુ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગો ઉપર ઠંડીનું જોર વધવાની શક્યતાઓ છે. જ

# ફ્લેટનો સમયસર કબ્જો આપવા બિલ્ડર બંધાયેલા ૩.૭૫.૫૦ લાખ વ્યાજ સાથે પરત ચૂકવવા હુકમ

### ૧૦.૯૫ ટકા વ્યાજ સાથે નાણાં પાછા આપવા રેરાનો આદેશ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા સુરતના એક બિલ્ડરને એક હુકમ કરીને જણાવ્યું હતું કે તેણે એક સ્કીમમાં ફ્લેટ બુક કરાવનાર મકાન ધારકને રૂપિયા ૭૫.૫૦ લાખનું ૧૦.૯૫ ટકા લેખે ૨૦૨૧ થી વ્યાજ ચૂકવવાનું રહેશે.

રેરા દ્વારા આવો આદેશ એટલા માટે કરવામાં આવ્યો હતો કે બિલ્ડર દ્વારા ૨૦૨૧ સુધીમાં ફ્લેટનું પજેસન આપી દેવાનું હતું પરંતુ આજ દિન સુધી નહીં મળતા મકાન ધારક દ્વારા રેરા સમક્ષ પિટિશન કરવામાં આવી હતી અને પિટિશન સાંભળ્યા બાદ આવો આદેશ કરવામાં આવ્યો હતો.

કેસ ની વિગત મુજબ અમદાવાદના રહીશ અમિતા સંઘવી દ્વારા સુરતના ચોર્યાસી વિસ્તારમાં




રુંઢ ખાતે જય પેલેસ નામની સ્કીમમાં એક ફ્લેટ બુક કરાવો અને આ ફ્લેટના અવેજ પેટે ફ્લેટ ધારક દ્વારા રૂપિયા ૭૫ લાખ ૫૦ હજારની રકમ ચૂકવીને ૨૦૧૮માં બાનાખત કરવામાં આવ્યો હતો. બાનાખત ની શરત મુજબ આ ફ્લેટ નો કબજો ૨૦૨૧ સુધીમાં એટલે કે ત્રણ વર્ષની અંદર બિલ્ડર દ્વારા આપી દેવાનો હતો.

એટલું જ નહીં બાનાખતમાં એવી પણ બાહેધરી આપવામાં આવી હતી કે પાર્કિંગમાં મહારાજ સાહેબ માટે એક કુંડી બિલ્ડર દ્વારા બનાવી આપવામાં આવશે. ત્યારબાદ સંભવ કોર્પોરેશન આ સ્કીમ પૂરી નહીં કરી શકતા શિલ્પી કોર્પોરેશન નામની પેઢીએ આ સ્કીમ હસ્તગત કરી હતી.

આ સ્કીમનું નવું નામ સ્ટેલર બ્લીસ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ નિયત સમય મર્યાદામાં બાંધકામ પૂરું કરી શકાયુ નહોતું. આથી ફરિયાદીને ફ્લેટનો કબજો આપવામાં આવ્યો હતો. અંતે ફરિયાદી દ્વારા રેરામાં પિટિશન કરવામાં આવી હતી.

જોકે શિલ્પી કોર્પોરેશન દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે તેઓએ મકાનમાલિક સાથે બાનાખત કર્યો નથી આથી તેઓ વ્યાજ ચૂકવવા માટે જવાબદાર નથી. જોકે રેરા દ્વારા આ બચાવ ફગાવી દેવામાં આવ્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે રેરા એક્ટરની કલમ ૧૫ મુજબ જો કોઈ બિલ્ડર બીજી પેઢીને બાંધકામના હકો ટ્રાન્સફર કરી દે છે અને તે બાબતે રેરામાં રજીસ્ટર કરાવે છે તો જૂના મકાન માલિકો અથવા તો જુના બુકિંગની તમામ જવાબદારી નવા બિલ્ડરની રહે છે.

# પીજીવીસીએલની ૧૭ મી ઈન્ટરસર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ




રાજકોટઃ પીજીવીસીએલની ૧૭ મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫ નો પ્રારંભ માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર શરૂ થયેલ જેના ઉદઘાટન સમારોહમાં ચીફ ઈજનેર જે.જે.ગાંધી, ચીફ ઈજનેર આર.જે.વાળા, રાજકોટ સીટી સર્કલના અધિક્ષક ઈજનેર જીજ્ઞેશ બી. ઉપાધ્યાય, રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર જતીન બી. ઉપાધ્યાય, ગોકુલ હોસ્પીટલના ઉર્મિશભાઈ વૈશ્નવ તેમજ રાજકોટ સીટીના તમામ કાર્યપાલક ઈજનેર ઓ અને પીજીવીસીએલના અધિકારીઓ ` / કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.



# ફલાવર બેડના નિયમમાં કોઇ છુટછાટ નહીંઃ સરકારના અભિપ્રાયથી બિલ્ડર લોબી સ્તબ્ધ

## લાંબા સમયથી તૈયાર રહેલા પ્રોજેકટસ અને ચાલી રહેલા બાંધકામ વચ્ચે ખાસ છુટછાટનો ઈન્કાર આવી ગયાની વાતથી દોડધામઃ પ્લાન મુજબ જ કમ્પલીશન આપવાનો મતઃ આંદોલન વચ્ચે સ્પષ્ટ વાત

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં છેલ્લા સાત મહિનાથી જુદા જુદા બિલ્ડીંગના ફલાવર બેડના આગળના એલીવેશન જેવા વધારાના બાંધકામના કારણે કમ્પલીશન સર્ટીફીકેટ આપવાનું સ્થગિત કરી દેવાતા બિલ્ડર લોબી દોડધામમાં પડેલી છે.

તાજેતરમાં ફલાવર બેડ, બાંધકામ પ્લાન, બીયુ, ફાયર એનઓસી સહિતના નિયમોમાં કનડગત સામે વિશાળ રેલી અને સરકારને આવેદનપત્ર પાઠવવાનો કાર્યક્રમ યોજયો હતો ત્યારે સરકારે પ્લાનમાં ન હોય તેવા ફલાવર બેડવાળા કોઇ પણ બિલ્ડીંગને કમ્પલીશન આપવાનું સ્થગિત જ રાખવા અભિપ્રાય મોકલી દીધાનું જાણવા મળ્યું છે.

પૂર્વ મ્યુનિ. કમિશ્નરે આવી ઈમારતોને કમ્પલીશન આપવાની સતત રજુઆતો પરથી સરકારનું માર્ગદર્શન માંગ્યુ હતું. જેમાં ચાર્જ લઇને આવી ઈમારતોને વપરાશ પરવાનગી આપવા ખાસ કિસ્સામાં છુટછાટ અંગે સૂચના આપવા ભલામણ કરાઈ હતી. પરંતુ સરકારે આ પ્રકારે કોઈ ખાસ છુટછાટ આપવા ઈન્કાર કર્યાની વાત બિલ્ડર લોબી સુધી પહોંચી ગઈ છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી જાણવા મળેલી વિગત મુજબ મહાનગરમાં દાયકાઓથી કોઈપણ બિલ્ડીંગથી માંડી બંગલાના બાંધકામ પ્લાનમાં ન હોય તે પ્રકારે સ્ટેન્ડીંગ બાલ્કનીથી માંડી બિલ્ડીંગની બહાર બે-ચાર ફુટની જગ્યામાં ફલાવર બેડ ઉભા કરવામાં આવતા હતા. બાલ્કની જેવો આ ભાગ બાદમાં અનેક પ્રોજેકટમાં હોલ કે બેડરૂમમાં જોઇન્ટ કરીને ફલેટનો બાંધકામ એરીયા વધારી દેવામાં આવતો હતો.

કમ્પલીશન બાદ આ બધુ થતું હતું તેનાથી ફલેટ સહિત બિલ્ડીંગનો કારપેટ એરીયા પણ મોટો થઈ જતો હતો. આ બધુ મૌખિક છુટછાટો સાથે ચાલતું હતું. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મનપાએ ટીપીના નિયમો આકરા કર્યા હતા. જીડીસીઆરમાં નિયમ ન હોય તે પ્રકારે કોઈપણ પ્લાનનું બિલ્ડીંગ કમ્પલીશન ન આપવાનું કડક વલણ પૂર્વ કમિશ્નર દેવાંગ દેસાઈએ અપનાવ્યું હતું.

આથી કરોડોની કિંમતના બે ડઝન જેટલા પ્રોજેકટના કમ્પલીશન અટકી ગયા હતા. મોટી બિલ્ડર લોબી અને તે સિવાય રાજકીય નેતાઓથી માંડી ચૂંટાયેલી બોડીએ પણ આ દ્વિધા અંગે સરકારમાં રજૂઆત કરી હતી.

સતત રજૂઆતો બાદ પૂર્વ કમિશ્નરે સરકારને પત્ર લખ્યો હતો. તેમાં આવા જુના પ્લાનના કેસમાં રજુઆત ધ્યાનમાં રાખી ખાસ કિસ્સા તરીકે ફલાવર બેડની વધારાની જગ્યાના બાંધકામનો નિયમ મુજબ ચાર્જ લઈને કમ્પલીશન સર્ટીફીકેટ આપવા અંગે અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. લાંબા સમય સુધી આ રજુઆત સરકારમાં રહી હતી.

તે દરમ્યાન તાજેતરમાં બિલ્ડર એસો.એ વિશાળ રેલી કાઢીને કલેકટર મારફત સરકારને ફરિયાદો સાથેનું આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમાં ટીપી શાખાના ધીમા વહીવટ, અભિપ્રાયો, પ્લાન કમ્પલીશન સહિતની કામગીરી અંગે પણ ફરિયાદો કરવામાં આવી હતી. દરમ્યાન હવે શહેરી વિકાસ વિભાગે ફલાવર બેડના વિવાદવાળા કોઈ બિલ્ડીંગને ખાસ કિસ્સામાં છુટછાટ આપી કમ્પલીશન દેવાનો અભિપ્રાય આપવા ના પાડી હોવાનું જાણવા મળ્યું છે. સરકારે જીડીસીઆરમાં ન હોય તેવી કોઈ છુટછાટ આપવામાં રસ દાખવ્યો નથી.

### સૌ સારા વાના થશેઃ ફલાવર બેડ અંગે બિલ્ડર લોબીને આશા

રાજકોટઃ ફલાવર બેડ અંગે સરકારે અભિપ્રાય મોકલ્યાની વાત વચ્ચે બિલ્ડર લોબી હજુ કોઈ રસ્તો નીકળવાની આશામાં છે. સરકારે ભવિષ્યમાં મુકાનારા પ્રોજેકટમાં ફલાવર બેડની જગ્યા પ્લાન અંદર દર્શાવેલી જ રાખવા બિલ્ડર લોબીને સંદેશો આપી દીધો છે.

પરંતુ હાલ તૈયાર થઈ ગયેલા પ્રોજેકટ અને ચાલી રહેલા બાંધકામમાં ફલાવર બેડ અંગે સરકાર હકારાત્મક રસ્તો કાઢશે તેવી આશા એક અગ્રણી બિલ્ડરે વ્યકત કરી છે. આ અંગે તુરંતમાં સ્પષ્ટતા થવાના સંકેત છે.

### ગુજરાત સરકાર નવી ઉડ્ડયન નીતિ બનાવશેઃ હેલિકોપ્ટર સેવા શરૂ કરવાનો પણ પ્રોજેક્ટ

# દ્વારકા, પાલીતાણા, મોરબી સહિત ૧૧ શહેરોમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનશે

## દ્વારકા – વડનગર એરપોર્ટ માટે ફીઝીબીલીટી રિપોર્ટ તૈયાર તુર્તમાં જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ કરાશેઃ બોટાદ, રાજુલા, ધોરડો, ધોળાવીરા, અંકલેશ્વર સહિતના અન્ય ૯ શહેરો માટે ટુંક સમયમાં ફીઝીબીલીટી અભ્યાસ શરૂ થશે

ગાંધીનગર,તા.૧૮

રાજયમાં હવાઈ નેટવર્ક વધારવાનો પ્રોજેક્ટ ફાસ્ટટ્રેક પર મુકીને દ્વારકા, વડનગર સહિત ગ્રીનફીલ્ડ એરપોર્ટની પ્રક્રિયા માટે આગામી બજેટમાં વધુ ફાળવણી કરવા ચક્રો ગતિમાન કરાયા છે.

રાજય સરકારના સૂત્રોએ કહ્યુ કે દ્વારકા, વડનગર ઉપરાંત અંકલેશ્વર, મોરબી, રાજપીપળા, બોટાદ, ધોરડો, રાજુલા, દાહોદ, ધોળાવીરા તથા પાલીતાણામાં પણ ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવાની યોજના છે. ધાર્મિક, પ્રવાસ તથા અન્ય દ્રષ્ટિએ આ શહેરોમાં પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાને રાખીને તેને હવાઈ નેટવર્કથી જોડવામાં આવશે. આગામી બજેટમાં ૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે તેવી શકયતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન એવા વડનગરની ઐતિહાસિક-પુરાતત્વીય લોકપ્રિયતા સતત વધી રહી છે. ઉપરાંત વિખ્યાત યાત્રાધામ અંબાજીનુ કનેકશન મળી શકે તેમ હોવાથી ત્યાં એરપોર્ટ પ્રોજેકટ નકકી કરવામાં આવી રહ્યો છે. તુર્તમાં પ્રોજેકટ પર કામ શરૂ થશે.

સૂત્રોએ કહ્યું કે, દ્વારકા તથા વડનગર પાસેના સૂચિત એરપોર્ટ માટે પ્રાથમીક ફીઝીબીલીટી અભ્યાસ કરવામાં આવ્યો છે. વડનગર તથા અંબાજી નજીક જમીનની શોધખોળ કરવામાં આવી રહી છે. ઉત્તર ગુજરાતને મોટો લાભ થઈ શકે છે. આવતા મહિનાઓમાં જમીન સંપાદનની કાર્યવાહી શરૂ થશે.



એક સીનીયર અધિકારીએ કહ્યું કે અન્ય ૯ એરપોર્ટ માટે પણ પ્રાથમીક ફીઝીબીલીટી અભ્યાસ તુર્તમાં શરૂ કરવામાં આવશે. આ વખતના તથા ભવિષ્યના બજેટમાં સૂચિત પ્રોજેકટો માટે સારી એવી નાણાકીય ફાળવણી પણ કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત, વડોદરા, ભાવનગર તથા પોરબંદરના એરપોર્ટના વિસ્તરણનો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવશે. આ તમામ એરપોર્ટ કોર્પોરેશન વિસ્તારમાં જ છે અને વિસ્તૃત વિસ્તરણ પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

સુરતને લાગેવળગે છે ત્યાં સુધી એરપોર્ટ આસપાસની જમીન સંપાદીત કરાશે. સુરતમાં વિમાની પ્રવાસીઓ સતત વધી રહ્યા છે એટલે સુવિધા વધારવાની જરૂર છે. પોરબંદર, ભાવનગર તથા વડોદરા એરપોર્ટમાં પણ દાયકાઓથી ફેરફાર નથી એટલે બે વર્ષમાં વિસ્તરણ તથા આધુનિકીકરણ કરાશે.

ગુજરાતમાં પ્રાદેશિક હવાઈ કનેકટીવીટી વધારવાના ટારગેટ સાથે રાજય સરકાર દ્વારા નવી ઉડ્ડયન નીતિ પણ બનાવવામાં આવશે. જેનો ઉદેશ રાજયના વિવિધ શહેરોને હવાઈ નેટવર્કથી જોડીને પ્રવાસન વિકસાવવાનો રહેશે.

# બોગસ દસ્તાવેજોનાં કૌભાંડમાં ત્રણ કચેરીની સંડોવણીની આશંકા; તટસ્થ તપાસ કરવા શહેર કોંગ્રેસની માંગણી

### હાઈકોર્ટમાં નિવૃત જજ દ્વારા કરવામાં આવે તેવી શહેર પ્રમુખ રાજાણીની રજુઆત

રાજકોટ તા.૧૮

રાજયમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો કોલ આપી શાસનની ધુરા સંભાળનાર ભાજપના રાજમાં નકલી અને બોગસ ની બોલબાલા વચ્ચે રાજકોટમાં રાજ્યના સૌથી મોટા ૨૦ હજાર કરોડના પ્રાઈવેટ અને સરકારી ખરાબાની જમીનોના બોગસ દસ્તાવેજો બનાવી વેચી મારવાનું કારસ્તાન પ્રકાશમાં આવેલ છે ત્યારે રાજકોટની સબ રજીસ્ટ્રાર કચેરી માં બે ઓપરેટર અને એક વકીલે ૧૭ બોગસ દસ્તાવેજો બનાવી વેચવાનું કૌભાંડ ખુલ્યું છે

પરંતુ અસલમાં આ કૌભાંડ નો આંકડો ચોકાવનારો અને તટસ્થ તપાસ માગી લે તેવો છે. રાજકોટ શહેરની આજુબાજુની જમીનોના ભાવ આસમાને જતા શહેરના સીમાડા પરની જમીનો શાસક પક્ષના આદેશથી પોતાના




મળતીયાઓ દ્વારા મવડી, કોઠારીયા, નાના મૌવા, મૌટા મૌવા, માધાપર, ભીચરી, ખોખરદળ સહિતના વિસ્તારોમાં ભૂ માફિયાઓ દ્વારા ગૌચર જમીન અને સરકારી ખરાબાઓ અને પ્રાઈવેટ જમીનો વેચી મારવાનું કારસ્તાન લાંબા સમયથી ચાલતું હોય તેવું જણાય છે.

તાજેતરમાં સબ રજીસ્ટ્રાર કચેરી, અભિલેખાગાર કચેરી, મામલતદાર કચેરી ના અધિકારીઓની મિલીભગત હોવાને પગલે ઓપરેટરો વકીલ અને સરકાર ના નિવૃત્ત કર્મચારીઓની સંડવણી ખુલી અને સરકારી ખરાબા પરની કે પ્રાઈવેટ જમીનો બોગસ દસ્તાવેજો બનાવી વેચી મારવા અંગે પોલીસમાં ગુનો નોંધાયેલ છે. જે અંગેની તપાસ ડીસીપીના સુપરવિઝન હેઠળ ચાલી રહી છે

ત્યારે ઓપરેટરો મોહરું છે. ત્રણેય ઓફિસના કર્મચારીઓ કે અધિકારીઓની સંડોવણી કે તેમની સહી વગર આ પ્રકારની હરકત થઈ શકે નહીં. શહેરની આસપાસની જમીનો પરના સરકારી ખરાબાની કે ગોચરની જમીન પર સરકારના જવાબદાર તલાટી મંત્રી, સરપંચ, મામલતદારની જવાબદારી બને છે અને અધિકારીઓના આંખમિચામણા વગર કૌભાંડ થઈ શકે નહીં જે પગલે ત્રણેય કચેરીના જવાબદાર અધિકારીઓની પ્રબળ આશંકા હોવાનું ફલિત થાય છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૨ સુધીમાં ૫૦૦ થી વધુ સરકારી ખરાબાઓની જમીનો પર બોગસ દસ્તાવેજો બની ગયા હોવાનો લોકમુખે ચર્ચાઈ રહ્યું છે સરકારી ખરાબાની જમીનની તકેદારી રાખવી એ સરકારી અધિકારીઓની જવાબદારી બને છે તેમ છતાં આ પ્રકારનું મસ મોટું કૌભાંડ પ્રકાશમાં આવેલ છે. અમારી જાણ મુજબ અભિલેખાગાર કચેરી મા નવ વર્ષ પહેલાં આ કચેરી કર્મચારીએ લેખ બોગસ હોવાનું જણાવેલ અને તેમ છતાં તત્કાલીન સમયે કોઈ ફરિયાદ કરવામાં ન આવી અને આવા ભૂ માફીયાઓની સિન્ડિકેટ સુધી પહોંચવાનો કોઈ અધિકારી કે આ કચેરીના કર્મચારીઓ દ્વારા પ્રયાસ ન કરવામાં આવતા આજે આ પ્રકારનું રાજ્યનું સૌથી મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે ત્યારે તટસ્થ તપાસ કરી રાજકીય દબાણ ને નજર અંદાજ કરી અધિકારીઓ અને રાજકીય ભૂ માફિયાઓની મિલીભગતથી જે રાજકોટમાં કૌભાંડ થયું છે તેની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે અને જવાબદારોને જેલ ભેગા કરવા અમારી માંગ છે.

આ અમારી લેખિત રજૂઆત અંગે આપ દ્વારા થયેલ કાર્યવાહીની જાણ દિવસ ૧૫માં કરવામાં નહીં આવે તો આપની કચેરી ખાતે ધરણા નો કાર્યક્રમ કરવાની ફરજ પડશે.તેમ શહેર કોંગ્રેસ સમીતી પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાવળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં પ્રથમ સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયું




રાજકોટ, તા. ૧૭: તા ૧૪ના રોજ રાજકોટ ખાતે સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ ના પ્રથમ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું જેમાં માતા પિતા વિનાની દીકરીઓના સમૂહ લગ્ન સમાજ દ્વારા કરવામાં આવ્યા આ પ્રસંગે કેબીનેટ મંત્રી શ્રી કુવરજીભાઈ બાવળીયા રાજકોટ જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ બોઘરા, રાજકોટના ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ, પ્રદેશ ભાજપ અનુ જાતિ મોરચાના અધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડીયા, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવક્તા શ્રી રાજુભાઈ ધ્રુવ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા દંડક શ્રી મનીષ ભાઈ રાડીયા સાસક પક્ષ ના નેતા શ્રી લીલું બેન જાદવ, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી વિક્રમભાઈ પુજારા કોર્પોરેટર દેવાંગભાઈ માકડ કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા.રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલયા, તથા વિવિધ સમાજના આગેવાનો સામાજિક અગ્રણીઓ શ્રી ઘનશ્યામ ભાઈ હેરભા મહેશ ભાઈ ચૌહાણ કશ્યપભાઈ ભટ્ટ કેતનભાઈ જરીયા અજયભાઈ ડાભી રણજીતભાઈ મુધ્વા ભિખાભાઈ પડસારીયા તેજસભાઈ ત્રિવેદી મૂકેશભાઈ પરમાર, ડી બી ખીમસુરિયા પુરબીયા પીન્ટુભાઈ હેમંતભાઈ લોખિલ તથા પ્રવીણભાઈ હબીબભાઈ કટારીયા તથા અનેક અલગ અલગ સમાજ લોકો ઉપસ્થિત રહ્યા અને વિશાળ સંખ્યામાં રાવળ સમાજ ના લોકો ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલાં પાડતાં નવદંપતીઓને શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમૂહ લગ્ન ને સફળ બનાવવા મુખ્ય આયોજક પ્રમુખ શ્રી ગોપાલભાઈ બોરાણા, શ્રી રાજુભાઈ બોરાણા, શ્રી મહેશભાઈ ગોહેલ, શ્રી રાજેન્દ્રભાઈ સોઢા, શ્રી નરેશભાઈ મેર, શ્રી નીરવભાઈ વાણીયા, શ્રી સુનિલભાઈ પેથાણી, શ્રી દિવ્યેશભાઈ ભોજક, શ્રી મેહુલભાઈ ગોહેલ, શ્રી લખમણભાઈ પરમાર, શ્રી ધર્મેશભાઈ સોઢા,અમુભાઈ સોઢા મનુભાઈ ગોહેલ હરીશભાઈ જોગેલા અંકિત ગોહેલ મેહુલ જોગિયાણી લાલાભાઈ ભોજક પ્રકાશ જોગેલા મુન્નાભાઈ રાઠોડ તથા સમગ્ર ટ્રસ્ટના કાર્યકરો જેહમત ઉઠાવી હતી.



આજરોજ તારીખ ૧૭ના રોજ માનવ સેવા પ્રભુ સેવા ગ્રુપના ધર્મેશભાઈ પારેખ રાજકોટના માનનીય શ્રી કલેક્ટર સાહેબને તેજસ વિનોદરાઈ આડેસરા અને હિરેન અશ્વિનભાઈ આડેસરાની ક્રાઈમ કુંડળી અને ગુનાહિત ઈતિહાસની જાણ કરાવી અને તાત્કાલિક કાયદેસર કાર્યવાહી કરવા રજૂઆત કરી અને સત્યની વિજય થાય તેની માંગ કરી.

## વાડીમાં જતી પાઈપ લાઈન લીક થવા મુદ્દે શેઢા પાડોશી વચ્ચે ઝઘડો પિતા - પુત્ર ઈજાગ્રસ્ત

રાજકોટઃ જસદણના કાળાસર ગામની સીમમાં વાડીમાં જતી પાઈપ લાઈન લીક થવા મુદ્દે શેઢા પાડોશી વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં પિતા - પુત્ર ઈજાગ્રસ્ત થયાં હતા. ઈજાગ્રસ્ત રાણાભાઈ પરમારે મનસુખ ગાબુ અને વિપુલ સામે જસદણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.રાણાભાઈ હીરાભાઈ પરમાર (ઉં.વ.૪૦, રહે.કાળાસર ગામની સીમ તા.જસદણ)એ ફરિયાદમાં જણાવ્યું કે, હું ખેતી કામ કરું છું. ગઈકાલે બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં હું મારી વાડીએ જીરાના પાકમાં પાણી વાળતો હતો. તે દરમ્યાન અમારા વાડી શેઢા પાડોશી મનસુખ કુંરજી ગાબુ (રહે.સોમપીપળીયા) મારી વાડીએ આવેલ અને મને કહેવા લાગેલ કે તારો ભાઈ મને મારી પાણીની પાઈપ લાઈન બાબતે શું કામ વારે વારે કહે છે.

# બોટાદમાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા દિવ્ય શાકોત્સવ અને વિદ્યાર્થીઓનું સ્નેહમિલન



બોટાદ, તા. ૧૭: શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગર અમદાવાદ અને શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ બોટાદ દ્વારા આયોજિત ગ્રંથરત્ન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ના ઉપક્રમે તા. ૧૫ /૧૨/ ૨૦૨૪ ને રવિવારના રોજ આર્ય પ્લાઝાની બાજુમાં, પાળિયાદ રોડના શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવ્ય શાકોત્સવ અને સાંસ્કૃતિ સાથે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કીર્તન ભક્તિ, સંસ્કૃતિને ઉજાગર કરવા ગામઠી રોટલા અને શાક જાતે તૈયાર કરવા, લોક સાહિત્ય ડાયરો અને RSS દ્વારા રાષ્ટ્ર ધર્મની માહિતી આપવામાં આવી હતી. તેમજ આ અવસરે મંદિરના પ્રવેશદ્વારની દીવાલે કાયમી પાણીની પરબનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને બોટાદના માનવંતા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા પૂજ્યસંતોએ જીવન જીવવાની કળા શિક્ષાપત્રી વિશે પ્રેરણા દાયક પ્રવચન આપ્યું હતું અને કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# સુરત પુણા ગામ ખાતે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીના સાનિધ્યમાં શ્રીમદ ભાગવત કથાની શોભાયાત્રાનું આયોજન થયું

સુરત, તા. ૧૭ઃ શ્રી દાસીજીવણ સત્સંગ મંડળ - સુરત અને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ના સંયુક્ત આજરોજ થી ૨૨ ડીસેમ્બર ૨૦૨૪ સુધી દરરોજ બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન વૈષ્ણવાચાર્ય પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ના સ્વમુખેથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથામાં શહેરીજનો ઉપરાંત ગુજરાત, ભારત તેમજ વિદેશથી આવનારા હજારોથી પણ વધુ વૈષ્ણવજનોને કથા રસપાનનો લાભ પ્રાપ્ત થશે. શ્રી દાસીજીવણ સત્સંગ મંડળ - સુરત અને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા શ્રીમદ ભાગવતજી પોથીયાત્રા'' માં વૈષ્ણવાચાર્ય પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ની મંગલ ઉપસ્થિતિ ૧૬ ડીસેમ્બર ૨૦૨૪ ના બપોરે ૨ઃ30 કલાક દરમિયાન પ્રારંભ થઈ હતી, જે ૩સળ લાંબી હતી,જેમાં હજારો વૈષ્ણવજનો એ આનંદ મય વાતાવરણમાં જોડાયા. આ શોભાયાત્રામાં તેમજ કથામાં વલ્લભ કુલ આચાર્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.








શોભાયાત્રાનું પ્રારંભ શ્રી સ્વસ્તિક ટાવર પરિવારના પટાંગણમાં સરથાણા જકાતનાકાથી શોભાયાત્રા નીકળી કથા સ્થળ વૃંદાવન ધામ, એન્થમ સર્કલ, વલથાણ,પુણા ગામ, કેનાલ રોડ, આઉટર ન્યુ રીંગ રોડ, સુરત પર વૈષ્ણવાચાર્ય પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી સાનિધ્યમાં ભવ્યાતિ - ભવ્ય શોભા યાત્રાનું આયોજન પણ કરવામાં આવ્યુ. જેમાં ઢોલ નગારા, બેન્ડ બાજા, ઘોડા, હાથી, નૃત્ય મંડળી, ભજન મંડળી, વેશભૂષા રથ, ડંકા નીશાન, ધજા પતાકા સહિત પારંપરિક વસ્ત્રો પરિધાન કરી મોટી સંખ્યામાં વૈષ્ણવો યાત્રામાં જોડાશે. આ કથાનો હજારો વૈષ્ણવોને લાભ પ્રાપ્ત થશે.

# ઉર્જા સંરક્ષણ માટે રાજકોટ રેલવે ડિવિઝનને મળ્યો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

રાજકોટ, તા. ૧૭ઃ બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE), પાવર મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ (ગઊઈઅ) ૨૦૨૪માં રાજકોટ ડિવિઝનએ તેની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો હતો. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનને વર્ષ ૨૦૨૪ માટે ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં તૃતીય પુરસ્કાર (માન્યતાનું પ્રમાણપત્ર) પ્રોજેક્ટ 'ઓટોમેશન ઓફ અંડરગિયર લાઈટ્સ' માટે મળ્યો છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત એક ભવ્ય સમારંભમાં સચિવ (પાવર) શ્રી પંકજ અગ્રવાલ દ્વારા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રીમતી રજની યાદવને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.




રાજકોટ ડેપો ખાતે પીટલાઈન લાઈનમાં સ્થાપિત અન્ડરગિયર એલઈડી લાઈટોને સ્વાયત્ત રીતે ચલાવવા બદલ આ એવોર્ડ મળ્યો છે. પીટલાઇનના ઓટોમેશનનો હેતુ અલ્ટ્રાસોનિક ટેક્નોલોજી દ્વારા ભારતીય રેલ્વેના કોચિંગ ડેપોની પીટ લાઇનમાં ઊર્જા બચાવવાનો છે. આ પીટલાઈન ઓટોમેશનમાં ૩ નં ના IP65 અલ્ટ્રાસોનિક સેન્સર છે જે પીટ લાઈનમાં સ્થાપિત અંડરગિયર લાઈટ્સને નિયંત્રિત કરે છે. આ સિસ્ટમ પીટ લાઈનના તે ભાગ પર તમામ અન્ડરગિયર લાઇટને બંધ કરે છે જેના પર પરીક્ષણ કરવા માટે કોઈ રોલિંગ સ્ટોક નથી, આમ ઊર્જા ખર્ચ બચે છે.

ઉપરોક્ત પિટલાઈન ઓટોમેશનને અમલમાં મૂકવાથી ૧ પીટ લાઇન માટે લગભગ ૫૦૪ KWH (યુનિટ) દર મહિને (૬૦૪૮ KWH પ્રતિ વર્ષ) ઊર્જા બચત થાય છે. આ પીટલાઈન ઓટોમેશનનો ઉપયોગ કરીને, ભારતીય રેલ્વેમાં પીટ લાઈનમાં અન્ડરગિયર લાઈટોને આપમેળે ઓપરેટ કરી શકાય છે. દર વર્ષે ઓછામાં ઓછા ૧૮૦ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાની ધારણા છે અને દર વર્ષે કુલ અપેક્ષિત ઉર્જા બચત ૬૦૪૮ KW અને દર વર્ષે પીટ લાઇન દીઠ રૂ. ૫૧૦૦૦/- ની બચત થશે. રાજકોટ ડિવિઝનના રેલ્વે મેનેજર શ્રી અશ્વિની કુમારે રાજકોટ ડીવીઝનની આ મહત્વની સિદ્ધિ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા અને તેને રેલ્વે કર્મચારીઓ અને અધિકારીઓના સમર્પણ અને મહેનત નું પરિણામ ગણાવ્યું હતું.

# નહેરુ યુવા કેન્દ્ર ભારત સરકાર ખેલ મંત્રાલય દ્વારા વિરાણી હાઈસ્કુલ ખાતે વિવિધ સ્પર્ધા યોજાઈ

## ■ ૧૯૭૧ વિજય દિવસ નિમિતે વિરાણી હાઈસ્કુલ ખાતે નિબંધ સ્પર્ધા અને સ્પર્ધકોને સર્ટિફિકેટ એનાયત



રાજકોટ, તા. ૧૭ઃ નહેરુ યુવા કેન્દ્ર ભારત સરકાર ખેલ મંત્રાલય દ્વારા ૧૯૭૧ વિજય દિવસ નિમિતે વિરાણી હાઈસ્કુલ ખાતે નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. આ કાર્યક્રમનું માર્ગદર્શન નેહરુ યુવા કેન્દ્રના શિખર રસ્તોગી , રાજુભાઈ રાઠોડ રાહુલભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન નહેરુ યુવા કેન્દ્રના કમિટી મેમ્બર્સશ્રી કિશનભાઈ ટીલવા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણાભાઈ નિર્મળ, શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ ના ચિરાગ મહેતા; વિરાણી સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી એચ એલ ડોડીયા સાહેબ ખાસ ઉપસ્થિત રહયા હતા. ઉપરોક્ત કાર્યક્રમ ના અનુસંધાને નિબંધ સ્પર્ધાના વિજેતા ઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે કિશનભાઈ ટીલવા એ જણાવ્યું હતું કે, ''વિજય દિવસ એ આપણા દેશ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે,વિજય દિવસની જશ્ન માટે આજના યુવાનોને પોતાના દેશ પ્રત્યેની સચ્ચાઈ, સમર્પણ અને ફરજની ભાવનાથી પરિપૂર્ણ થવું જોઈએ. આજે અહીં યોજાયેલી નિબંધ સ્પર્ધા એ યુવાનોને પોતાના વિચારોથી દેશભક્તિ અને સ્વતંત્રતા માટે પ્રેરણા મેળવવાનો એક અવસર છે.'' આ તકે અરૂણ નિર્મળએ જણાવ્યું હતું કે, ''વિજય દિવસ એ આપણી દેશની સાહસિકતાનો દિવસ છે. ૧૯૭૧ માં લડાઈના મેદાન પર સૌની શહાદત અને સજાગતા વડે આપણે મહત્વપૂર્ણ જીત હાંસલ કરી હતી. આજે આ વિજય દિવસની નિબંધ સ્પર્ધા દ્વારા યુવાનોમાં દેશપ્રેમ અને શ્રેષ્ઠતા માટે પ્રેરણા પ્રસરી રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિજય દિવસની મહત્વતા વિશેની જાગૃતિ ફેલાવવી, ખાસ કરીને યુવાનોમાં, તથા તેમને આપણા રાષ્ટ્રીય આઝાદી અને યોદ્ધાઓના વિશે વધુ જાણકારી મળી રહે તેવો આશય છે. આ તકે વિરાણી હાઈસ્કુલના પ્રિન્સિપાલ શ્રી એચ.એલ. ડોડીયા સાહેબએ જણાવ્યું હતું કે, ''વિજય દિવસ એ માત્ર એક ઐતિહાસિક દિવસ નથી, પરંતુ આ દિવસની યાદ અપાવવાનું અને નવા પેઢીને માહિતગાર કરીને, યુવાનોએ પોતાની રાષ્ટ્રીય ફરજ અને જવાબદારીઓ સમજવી જોઈએ અને પોતાના કૌશલ્યના વિકાસ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને દેશભક્તિ અને યુદ્ધના સમયમાં દેશ માટે થયેલા યોદ્ધાઓના પ્રયાસો વિશે જ્ઞાન મેળવવાનો અવસર મળ્યો, જે તેમની મનોવૃત્તિ અને ભવિષ્ય માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન દવે એ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યશ રાઠોડ હેમાંગી ચૌહાણ નેહરુ યુવા કેન્દ્રના સ્વયંસેવક દર્શના પરમાર, ઈશિતાબેન, દ્રષ્ટિ નિરાલી વગેરે જેહમત ઉઠાવેલ હતી

# શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા ખાતે વિવિધ આરોગ્ય કેમ્પ યોજાયા




સાવરકુંડલા, તા. ૧૭ઃ સાવરકુંડલામાં શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા નિઃશુલ્ક ચાર, નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં પ્રથમ કેમ્પમાં કુત્રિમ હાથ પગ બનાવવા માટે દિવ્યાંગ મુક્ત ભારત જે જયપુરની સંસ્થા છે તેના સહયોગથી ત્રણ દિવસ માટે માનવસેવા યજ્ઞ કાર્યરત હતો જેમાં ૭૦ થી વધુ દર્દીઓ માટે કૃત્રિમ હાથ પગ બનાવવામાં આવ્યા છે

અને બીજા કેમ્પમાં કાન,નાક ગળાના સર્જન ડોક્ટર પાર્થ હિંગોલ જે રાજકોટ એસસીજી હોસ્પિટલમાંથી આવીને ૧૦૦થી વધુ દર્દીઓને તપાસીને માર્ગદર્શન આપેલ છે

જ્યારે ત્રીજા કેમ્પમાં ઈઈન્દ્ર હોસ્પિટલ રાજકોટના પ્રખ્યાત કેન્સર સર્જન ડો.મિતેશ ખૂંટ સાહેબે ૨૫થી વધુ દર્દીઓનું નિદાન કરેલ અને તેમની સાથે સાવરકુંડલા શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મન્દિરમાં સેવા આપતા ડો, રોહિત ચોંડીગરા સાથે જોડાયા હતા. ચોથો કેમ્પ જેમાં સુરતના પ્રખ્યાત યુરોલોજીસ્ટ ડો. અમિત પોલરા જે ખાસ કરીને સુરતથી સાવરકુંડલા આવીને દર્દીઓનું નિદાન કરેલ અને આઠ જેટલા જટિલ ઓપરેશન કરેલ છે

ચારેય કેમ્પનો સાવરકુંડલા તથા આજુબાજુ ના ગામના દર્દી નારાયણે ખૂબ સારો લાભ અને સારવાર લીધેલ તેમ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના કાર્ય નિષ્ઠ મેડિકલ સુપ્રીટેન્ડેડ ડોક્ટર પ્રકાશ કટારીયાની યાદીમાં જણાવાયું છે.

# ધોરાજી ડોર ટુ ડોર કચરા કલેકશનનાં કર્મચારી હડતાલ પરઃ પાંચ દિવસથી કચરો એકત્રિત કરવાની કામગીરી ઠપ્પ

■ **પગારમાં અનિયમિતતા અને પીએફ ખાતાની કોઇ જાણકારી અપાતી ન હોવાની ફરીયાદઃ એજન્સી સામે કાર્યવાહી કરવા નારા પોકાર્યા**

ધોરાજી, તા. ૧૭ : ધોરાજી શહેરમાં નગરપાલિકાનાં ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતાં કર્મચારીઓ દ્વારા અનિયમિત પગાર અને પીએફની રકમ મામલે હડતાલ શરૂ કરવામાં આવી છે.

વિશેષ મળતી વિગતો પ્રમાણે ધોરાજી શહેરમાં ૧૮ જેટલા ટીપર વાહનો દ્વારા ધોરાજી શહેરના વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરા નો કલેક્શન કરવામાં આવે છે


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

જેમાં ૩૬ જેટલા ડ્રાઈવર અને હેલ્પર ફરજ બજાવી રહ્યા છે.

ત્યારે છેલ્લા પાંચ દિવસથી ડોર ટુ ડોર ઘન કચરાનું કલેક્શન કરતાં કર્મચારીઓએ હડતાલ હાજરી દેતા શહેરમાં કચરો એકત્રિત કરવાની કામગીરી થપ્પ થઈ જવા પામી છે જેને કારણે શહેરીજનોને હાલાકી ઉઠાવવી પડી રહી છે

આ મામલે આજરોજ ટીપર વાનના ડ્રાઈવર અને હેલ્પરોએ નગરપાલિકા પટાંગણ ખાતે આવી શ્રીજી એજન્સી દ્વારા પોતાને સમયસર પગાર મળતો ન હોય તેમ જ પીએફ ની રકમ જમા થતી હોય એ અંગે કોઈ માહિતી આપતા ન હોવાની રજૂઆત કરી એજન્સી વિરુદ્ધ સૂત્રોચારો પોકારી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને કર્મચારીઓએ જણાવેલ કે હમેશા વારે વખતે પગાર બાબતમાં અમારે નિયમિતતા રહેતી નથી તેમ જ પીએફની રકમ કાપવામાં આવે છે પરંતુ તેની કોઈ માહિતી અમને આપવામાં આવતી નથી તેવું જણાવ્યું હતું. હાલ કચરાના કલેક્શનની કામગીરીના કર્મચારીઓ દ્વારા હડતાલ હોવાથી શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# કપાસના ઉત્પાદનમાં ગુજરાત છેલ્લા બે વર્ષથી દેશમાં અવ્વલઃ ટેકસટાઈલ નિકાસમાં ૩૦ ટકા પ્રદાન

### ૨૦૨૨-૨૩માં ૮૭.૯૫ લાખ બેલ અને ૨૦૨૩-૨૪માં ૯૦.૫૭ લાખ બેલ કપાસનું ઉત્પાદન ગુજરાતે કર્યું

**રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નમાં કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી માર્ગેરિટાનો જવાબ**

ગાંધીનગર તા.૧૮

ગુજરાત છેલ્લાં બે વર્ષથી દેશમાં કપાસના ઉત્પાદનમાં નંબર ૧ રાજ્ય રહ્યું છે. રાજ્યએ ૨૦૨૨-૨૩ (ઓક્ટોબરથી સપ્ટેમ્બર) અને ૨૦૨૩-૨૪ (ઓક્ટોબરથી સપ્ટેમ્બર) દરમિયાન અનુક્રમે ૮૭.૯૫ લાખ બેલ અને ૯૦.૫૭ લાખ બેલ કપાસનું ઉત્પાદન કર્યું, જ્યારે ભારતનું કુલ ઉત્પાદન ૩૩૬.૬૦ લાખ બેલ અને ૩૨૫.૨૨ લાખ બેલ હતું. વધુમાં, ૨૦૨૩-૨૪માં ગુજરાતે ભારતના કુલ કપાસનાં ટેક્સટાઈલ નિકાસમાં લગભગ ૩૦% પ્રદાન આપ્યું હતું. આ માહિતી કેન્દ્રીય ટેક્સટાઈલ રાજ્યમંત્રી પબિત્રા માર્ગેરિટાએ ૧૩ ડિસેમ્બરે રાજ્યસભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં



ઉપલબ્ધ બનાવી હતી.

મંત્રીએ આપેલા નિવેદન અનુસાર, ભારતની કુલ કોટન ટેક્સટાઈલ નિકાસ (જેમાં કપાસનાં ફેબ્રિક્સ, કોટન વેસ્ટ, યાર્ન સહિતના કપાસની કાચી સામગ્રી, અને અન્ય ટેક્સટાઈલ યાન્ર્સ, ફેબ્રિક મેડ-અપ આર્ટિકલ્સનો સમાવેશ થાય છે) છેલ્લા બે વર્ષમાં ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ દરમિયાન અનુક્રમે ૧૧,૦૮૫ મિલિયન અમેરિકી ડોલર અને ૧૨,૨૫૮ મિલિયન ડોલર રહી હતી, જ્યારે ગુજરાતની કુલ કપાસની ટેક્સટાઈલ નિકાસ અનુક્રમે ૨,૮૩૫ મિલિયન અને ૩,૬૧૫ મિલિયન ડોલર રહી હતી.

નથવાણી દેશમાં કપાસના કુલ ઉત્પાદન અને નિકાસ, સરકાર દ્વારા કપાસની નિકાસ વધારવા અને કપાસના ઉત્પાદન ક્ષેત્રે સંશોધન કાર્યને પ્રોત્સાહન આપવાના માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે જાણવા માંગતા હતા.

મંત્રીએ આપેલા નિવેદન અનુસાર, ટેક્સટાઈલ ઉત્પાદનોના નિકાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર એપરલ/ગાર્મેન્ટ્સ અને મેડ-અપ્સના નિકાસ પર રાજ્ય અને કેન્દ્રના કર અને શુલ્ક પર રિબેટ () યોજનાનો અમલ કરી રહી છે. વધુમાં, જે ટેક્સટાઈલ ઉત્પાદનો હેઠળ આવતાં નથી, તેને અન્ય ઉત્પાદનો સાથે રીમિશન ઓફ ડ્યુટીઝ એન્ડ ટેક્સિસ ઑન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ () હેઠળ આવરી લેવામાં આવે છે, મંત્રીએ વધુમાં જણાવ્યું હતું. ભારતે વિવિધ વાણિજ્યિક ભાગીદારો સાથે ૧૪ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ () અને ૬ પ્રેફરેન્સિઅલ ટ્રેડ એગ્રીમેન્ટ () પર હસ્તાક્ષર કર્યા છે.

# વેરાવળથી વિરપુર પદયાત્રાનું આયોજન



વેરાવળ, તા. ૧૭ઃ વેરાવળ થી વિરપુર સુધીની પદયાત્રાનું આયોજન આગામી તા.૨૭ ડીસેમ્બરના શુક્રવારે કરવામાં આવેલ છે. આ પદયાત્રીકો તા.૨૯ના રવિવારે વિરપુર પહોંચનાર છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વેરાવળથી વિરપુર જલારામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૭ ના શુક્રવારે સવારે ચાર કલાકે ભવાની હોટલ પાસે આવેલ કામનાથ ડાઈનીંગ હોલ ખાતેથી આ પદયાત્રાનો પ્રારંભ થનાર છે. તા.૨૭ના શુક્રવારે પ્રથમ દિને કેશોદ મુકામે રાત્રી રોકાણ ત્યારબાદ તા.૨૮ ના શનિવારે જૂનાગઢ રાત્રી રોકાણ અને તા.૨૯ના રવિવારે વિરપુર પહોંચનાર છે. આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા જલારામ ભક્તો તથા વધુ માહીતી માટે પોસ્ટ ઓફીસ રોડ ઉપર આવેલ દતાણી ફરસાણ, પ્રકાશ કોમ્પલેક્ષમાં આવેલ શ્રીજી સ્ટેશનર્સ (૯૯૦૯૪ ૬૩૬૪૯) અને એસ.બી.આઈ. બેંકની સામે આવેલ વ્યંકટેશ બુક સ્ટોર (૯૯૨૫૮ ૯૪૮૭૬) નો સંપર્ક કરવા જલારામ ભક્તોની એક યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલાના નવયુક્ત મામલતદાર શ્રી જે.એન.પંડ્યાની પ્રસંનિય કામગીરી

સાવરકુંડલા, તા. ૧૭ઃ સાવરકુંડલા માં ભાવનગર ના વતની એવા મામલતદાર શ્રી જે.એન.પંડ્યા ની સાવરકુંડલા માં નિમણુંક થોડા જ દિવસો પહેલા થઈ છે ત્યારે નિષ્ઠાવાન અધિકારી જે.એન.પંડ્યા પ્રસંનિય કામગીરી જોવા મળી અને સવારથી મામલતદાર કચેરી ના તમામ સ્ટાફ ના આવે એ પહેલાં વેલા ,મામલતદાર કચેરી ખાતે આવી ને તમામ વિભાગ ની કામગીરી ની રૂમ ખાતે જાતે પોતેજ નિરીક્ષણ કરી ,અને છેલ્લા ઘણા સમય થી મામલતદાર કચેરીના ગ્રાઉન્ડમાં



કચરાનો પહાડ જોવા મળતો હતો પરંતુ નવયુક્ત મામલતદાર જે.એન.પંડ્યા ને આ કચરો નજરે ચડતા તુરંત સાફ સફાઈ કરાવી ને એક દમ કચેરી ના ગ્રાઉન્ડ ને સુંદર બનાવેલ અને સવારે ઓફિસ ના કામે આવતા અરજદારો નું પોતે જાતે રોજ નિરીક્ષણ કરતા જોવા મળે છે,અને મામલતદાર કચેરી ને લગતી કોઈ પણ કામ ગિરી માટે આવતા અરજદારો ને કોઈ પણ જાત ની અગળવડતા ના પડે તે માટે પ્રસંનિય કામગીરી કરતા મામલતદાર જે.એન.પંડ્યા નજરે પડ્યા હતા.

# સુત્રાપાડાના લોઢવામાં કડકડતી ઠંડીમાં બાળ સિંહ કુવામાં ખાબક્યો



## ખેડૂત અને વન વિભાગની સતર્કતાથી સિંહ બાળનો જીવ બચ્યો

સુત્રાપાડા, તા. ૧૭ઃ આજે વ્હેલી સવારે સુત્રાપાડાના લોઢવામાં એક બાળ સિંહ ખુલ્લા કુવામાં ખાબક્યો હતો. જો કે ખેડૂત દ્વારા તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં વન વિભાગની રેસ્કયુ ટીમ દ્વારા ત્રણેક કલાકની જહેમત બાળ સિંહને સહીસલામત કુવામાંથી બહાર કાઢી બચાવી લેવાયો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર આજે વહેલી સવારે અંદાજે ચારેક વાગ્યા ના સુમારે લોઢવા ગામે સાતમા નો પા વાડી વિસ્તારમાં રહેતા ચુડાસમા રમેશભાઈ દાનાભાઈની વાડીમાં ચારેક સિંહનો સમૂહ આવી ચડ્યો હતો જે પૈકી એક બાળ સિંહ ખુલ્લા કૂવામાં ખાબક્યો હતો. ખેડૂત રમેશભાઈ ને કૂવા માં કંઈક પડ્યા નો અવાજ આવતા કુવા માં જોતાં એક સિંહ કૂવામાં હોવાનું જણાતા તાત્કાલિક વન વિભાગ ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં રેન્જ ફોરેસ્ટર એન.એમ. પંપાણીયા, ડી.વી.મકવાણા, શીતલ બેન ગોરડ, મોહિતભાઈ વૈષ્ણવ સહિત ટ્રેકર ગાર્ડ ની રેસ્કયુ ટીમ તુરંત ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સિંહને કુવામાંથી બહાર કાઢવા કવાયત હાથ ધરી હતી. અંદાજે ત્રણેક કલાકની જહેમત બાદ બાળ સિંહને વન ની રેસ્કયુ ટીમ દ્વારા સહીસલામત બહાર કાઢી લેવાયો હતો. વન વિભાગ ના જણાવ્યા અનુસાર અંદાજે ૧ થી દોઢ વર્ષ ના આ બાળ સિંહ ને સારવાર અર્થે અમરાપુર એનીમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ હાડ થીજાવતી ઠંડી વચ્ચે વહેલી પરોઢે ખુલ્લા કુવામાં ખાબકેલ સિંહબાળ ઠંડીના કારણે વધુ જોખમી સ્થિતિમાં હતો જો કે ખેડૂત અને વન વિભાગની રેસ્કયુ ટીમની સમયસૂચકતાના કારણે બળ સિંહનો જીવ બચી જવા પામ્યો હતો.

# પત્રકાર સાથે થયેલ મારામારીમાં સોનાની ચેઇનની લૂંટીની ફરિયાદ લેવા પોલીસની ના

## પત્રકાર પુત્રના લૂંટી લીધેલા ચાર તોલાના સોનાના ચેનની લૂંટની ફરિયાદ નોંધવાનો ઇન્ચાર્જ પીઆઇ ઝાલાનો ઇન્કાર

જેતપુર, તા. ૧૭ઃ લીંબડીના ભાજપી ધારાસભ્ય કિરીટસિંહ રાણાની માલિકીની હોટલ જમુના હોનેસ્ટ પર તાજેતરમાં ખાણીપીણી વસ્તુના ખચ્છથી વધારે ભાવ લેવા મુદ્દે પત્રકાર અને તેના પુત્ર પર હુમલો થયો હતો.આ હુમલા દરમ્યાન હુમલાખોરોએ પત્રકાર પુત્રનો ચાર તોલાનો સોનાનો ચેન લૂંટી લીધો હતો.આ ચેન લૂંટની ફરિયાદ કરવા માટે ભોગ બનનારા ગયા તો લીંબડી પોલીસના ઇન્ચાર્જ પીઆઇએ ખક્કા કિરીટસિંહ રાણાની તરફેણ કરતા હોય કે તેમ આ ચેન લૂંટાયો નથી પરંતુ ખોવાઈ ગયો છે.જેથી લૂંટની નહીં પરંતુ ખોવાઈ ગયાની ફરિયાદ લેવાશે તેમ સ્પષ્ટ કહી દીધું હતું.પીએસઆઈની લૂંટની ફરિયાદ નોંધવાના ઇન્કાર સામે મુખ્યમંત્રી સહિતના ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થઈ છે.

અત્રે એ નોંધનીય છે કે ભાજપ સરકાર હાલતા ને ચાલતા કહેતા ફરે છે કે ગુજરાતમાંથી ગુંડાગીરી નાબુદ કરવી છે પણ જ્યારે જ્યારે ભાજપના મળતિયાઓ જ જોરજુલમી કરે છે ત્યારે સરકાર મો સંતાડતી હોય તેવો તાલ સર્જાય છે. મતલબ કે ભાજપનો આગેવાન, કાર્યકર કે ધારાસભ્ય જેવી વ્યક્તિ ગુંડાગીરી કરે તો તેમની સામે કોઈ પગલા ન ભરાતા હોવાનો જાગૃત લોકોમાં આક્ષેપ થયો છે.

### પોલીસ ફરિયાદ નહિ નોંધે તો હાઇકોર્ટના ખખડાવાશે

રાજ્યના નાગરિકોની સલામતિની જેમની જવાબદારી બને છે તેવા ભાજપી ધારસભ્ય કિરીટસિંહ રાણાની હોટલ પર ગ્રાહકોને લૂંટવા ચાલતા ષડયંત્રનો વિરોધ કરવા ગયેલા પત્રકાર પર જીવલેણ હુમલો કેસમાં પોલીસ તંત્ર યોગ્ય ફરિયાદ નોંધીને નિષ્પક્ષ તપાસ ન કરે તો ગુજરાત હાઇકોર્ટના દ્વાર ખખડાવવા તજવીજ હાથ ધરાઈ છે.

# ટંકારાના મિતાણા ગામે સરકારી પ્લોટનું મસમોટુ કૌભાડ

- મીતાણામા સરકારી પ્લોટ જાહેર હરાજી વગરજ ફાળવી દેવાનું કારસ્તાન
- સરપંચ તલાટી મંત્રી ટીડીઓ સહિતનાઓની સંડોવણી ની સંકા
- નિયમ વિરુદ્ધ રોકડ એડવાશ લઈ આચારવામાં આવ્યું કૌભાંડઃ આ અગાઉ ૫ વખત પ્લોટની હરાજી થઈ છે રદ્દ
- ૫૪ પ્લોટ માટે ૧૨૦ લોકોએ કરીહતી અરજી પણ બારોબાર અનેક સગાવ્હાલાઓને પ્લોટ પધરાવી આપ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે
- પ્લોટની હરાજી નિયમ મુજબ કરવી હોત તો ડિપોઝીટની રકમ સામાટે રોકડ થી લેવામાં આવી..
- જે દિવસે પ્લોટ ની હરાજી હતી તે દિવસે અંગત લોકોને પાછલા બારણે પધરાવી દેવાયા
- પ્લોટ લાગ્યા પછીપણ ૨૫% રકમ સરકારી નિયમ વિરુદ્ધ રોકડ થી લેવામાં આવી હોવાની ચર્ચા

## ટંકારાના મિતાણા ગામે પંચાયતી ધારાનો ખુલ્લેઆમ ભંગ

## ૫૪ પ્લોટની હરરાજીમાં ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ

- **મિતાણામાં લાગતા વળગતાને પ્લોટ ફાળવી લાભ ખટાવવાનું કારસ્તાન**
- **સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી હોવાની આશંકા**

રાજકોટ, તા. ૧૭ઃ મોરબી નજીક આવેલા ટંકારાના મિતાણા ગામે પંચાયતી ધારાનો ખુલ્લેઆમ ભંગ થયો હોય તેવી એક ઘટના પ્રકાશમાં આવી છે. હાલમાં જ મિતાણા ગામે પ્લોટની હરરાજીમાં ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ હોવાનું માલૂમ પડ્યું છે. આ અંગે એવી માહિતી મળી રહી છે કે, લાગતા વળગતાને પ્લોટ ફાળવી દેવા આ કારસ્તાન આચરવામાં આવ્યું છે. ચેકના બદલે રોકડમાં વ્યવહાર કરવા પાછળ સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી હોવાની આશંકા પણ સેવાઈ રહી છે. હાલમાં જ મિતાણા ગામે ૫૪ પ્લોટની હરરાજી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે હરરાજીમાં પ્લોટ લેવા ઈચ્છતા અરજદાર પાસેથી ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ છે જેનો સ્વીકાર ખુદ તલાટી મંત્રીએ કર્યો છે. આ સિવાય પ્લોટની હરરાજીની નક્કી કરાયેલી રકમ પણ શંકાસ્પદ જણાય રહી છે. મિતાણાના ગ્રામજનો જ ખુદ કહી રહ્યા છે કે, આ કારસ્તાન પાછળ સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી છે અને આખીય હરરાજીની પ્રક્રિયા લાગતાવળગતાને લાભ ખટાવવા જ કરવામાં આવી હોવાનું કહેવાઈ રહ્યું છે.

# રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલી કારમાં આગ ભભૂકી

- **અંદર બેઠેલા ત્રણ મુસાફરો અગમચેતી વાપરી બહાર નીકળી જતાં તમામનો બચાવ થયો હતો**

વિરપુર, તા. ૧૭ઃ રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર વીરપુર પાસે એક હુંડાઈ આઈ ટેન કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી જો કે આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગીર ગઢડા પાસેના ફરેળા ગામના રમેશભાઈ જોગીયા તેમના પરિવારના અન્ય બે વ્યક્તિઓ સાથે જીજે -૦૧ ઊઉં ૧૮૪૭ નંબરની હુંડાઈ આઈ ટેન કાર લઈને રાજકોટ દવાખાનાનું કામકાજ પતાવી પરત પોતાના વતન ફરેળા જતા હતા ત્યારે વીરપુર હાઈવે પર આવેલ ગુજરાત ગેસના સીએનજી પંપે ગેસ પુરાવીને હાઈવે પર જતાં હતાં ત્યારે રવિ હોટેલ પાસે ઓવરબ્રિજ ઉપર પહોંચતા કારમાં અચાનક ઈન્જીનમાં ધુમાડો નીકળતા રમેશભાઈ જોગીયાએ કાર ઉભી રાખી કારનું બોનટ ખોલતા ઈન્જીન પાસે આગ લાગી હતી રમેશભાઈ એ સમય સુચકતાથી કારમાં બેસેલા તેમના પરિવારજનોને કાર માંથી ઉતારી દીધા હતા ત્યાંજ કારમાં એકાએક વધારે આગ ફાટી નીકળતા કાર સળગી ઉઠી હતી,કાર મા આગ લાગવાની ઘટનાની જાણ થતાં જ વીરપુર પોલીસનો કાફ્લો ઘટના સ્થળે દોડી ગયો હતો,કારમાં આગ લાગતા જ કાર ચાલકે જેતપુર ફાયર વિભાગને જાણ કરી હતી પરંતુ જેતપુર ફાયર વિભાગના ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચે તે પહેલાં જ કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી બાદમાં જેતપુર ફાયર વિભાગના ફાયર ફાઈટર દ્વારા સંપૂર્ણ બળેલી કાર પર પાણીનો મારો ચલાવ્યો હતો ત્યારે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા જેવો ઘાટ સર્જાયો હતો,કારમાં આગની ઘટનાના પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો જેને ક્લિયર કરવા વીરપુર પોલીસના પીઆઈ



## સીએનજી ગેસ પંપના માલિકે મદદની ચોખ્ખી ના ભણી

ગીર ગઢડા પાસેના ફરેળા ગામના રમેશભાઈ જોગીયા રાજકોટથી પોતાના ગામ પરત જતા હતા ત્યારે વીરપુર પાસે કારમાં આગ લાગતા જ કાર રોકીને કારનું બોનટ ખોલીને જોતા કારના ઈન્જીન પાસે આગ લાગવાની હજુ શરૂઆત જ થઈ હતી રમેશભાઈએ બાજુમાં આવેલ ગુજરાત ગેસના સીએનજી પંપે જઈને અગ્નિશામક બોટલની માંગ કરી પરંતુ સીએનજી ગેસ પંપના માલિકે અમારે પણ ફાયર સેફ્ટીના સાધનો નથી એમ ચોખી ના ભણી દીધી હતી ત્યારે રમેશભાઈ એ જણાવ્યું હતું કે જો સીએનજી ગેસ પંપના માલિકે અગ્નિશામક બોટલ આપી હોત અથવા તો કોઈ અન્ય મદદ કરી હોત તો તેમની કાર સળગતા બચી ગઈ હોત પરંતુ તેમને કોઈ સમયસર મદદ મળી નહિ અને ફાયર વિભાગ પણ કાર સંપુર્ણ બળીને ખાખ થઈ ગઈ ત્યારે પહોંચ્યું હોવાના આક્ષેપો કર્યા હતા આ ઘટના બાબતે વીરપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સૂપેડી મુરલી મનોહર મંદિર ખાતે ગજાનન આશ્રમ દ્વારા ભવ્ય ધ્વજા આરોહણ કાર્યક્રમ યોજાયો

- **પૌરાણિક કૃષ્ણ મંદિર ખાતે ભજન ભોજન અને ભક્તિના સમન્વયમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા**

ધોરાજી, તા. ૧૭ઃ સૂપેડી મુરલી મનોહર મંદિર ખાતે ગજાનન આશ્રમ દ્વારા ભવ્ય ધ્વજા આરોહણ કાર્યક્રમ યોજાયો હતો. માગશર સુદ પૂનમને રવિવાર ૧૫/૧૨/૨૦૨૪ના દિવસે મુરલી મનોહર મંદિર ગામ સુપેડી ખાતે સર્વ મનોરથ પૂર્ણ કરનાર ધજાજીનો સુંદર રમણીય દિવ્ય મનોરથ યોજાયો હતો.



દિવ્ય મનોરથમાં મંદિરના મહંત રવિદાસ બાપુ,ગજાનન આશ્રમ માલસરના ગુરુજી વિજયભાઈ જોશી તેમજ કર્મકાંડી ભૂદેવો અને સેવકો દ્વારા પૂનમના પવિત્ર દિવસે શાસ્ત્રોક્ત મંત્રોચાર સાથે ધ્વજારોહણ, મહા આરતી, ઠાકોરજીને રાજભોગ તેમજ ભક્તિમય કાર્યક્રમો યોજાયા હતા. સાથોસાથ ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને યાત્રિકો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

# બે દિવસથી શહેરમાં ટ્રાફિક પોલીસની રાત્રી ડ્રાઈવ, વાહન ચાલકોને રૂ.૨.૭૬ લાખનો દંડ ફટકારાયો





રાજકોટ, તા.૧૮

છેલ્લા બે દિવસથી રાજકોટ શહેરમાં ટ્રાફિક પોલીસની રાત્રી ડ્રાઈવ યોજાઈ રહી છે. જેમાં વાહન ચાલકોને રૂ.૨.૭૬ લાખનો દંડ ફટકરાયો હતો. રોજ રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી વિવિધ પોઈન્ટ પર ચેકીંગ થાય છે. કુલ ૫૨૬ ચાલકો દંડાયા હતા. નશો કરેલી હાલતમાં વાહન નથી ચલાવતા ને? તે જોવા ૩૦૦ લોકોને બ્રેથ એનેલાઈઝરથી તપાસવામાં આવ્યા હતા.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને ટ્રાફિક ડીસીપી પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસ છેલ્લા બે દિવસથી રોજ રાત્રે ખાસ ડ્રાઈવ ચલાવી રહી છે. જેમાં ગ્રીનલેન્ડ ચોકડી, સોરઠીયાવાડી સર્કલ, ગુંદાવાડી પોલીસ ચોકી ચોક, કોટેચા ચોક, કોસમો ચોકડી, કિસાનપરા ચોક, ઘંટેશ્વર ટી પોસ્ટ વગેરે પોઈન્ટ પર વાહનો અને વાહનના ચાલકોને તપાસવામાં આવ્યા હતા અને દંડ પણ ફટકારવામાં આવ્યા હતા.

# ફાજલ - કોર્પો.ના ખુલ્લા પ્લોટને ફેન્સીંગ કરવા કલેકટરનો આદેશ



## જમીન – પ્લોટોમાં માલિકી દર્શાવતા બોર્ડ મુકવા પણ તાકીદઃ બોગસ દસ્તાવેજ કૌભાંડના પગલે ધડાધડ પગલાઃ મામલત્તદારો દ્વારા સર્વે કામગીરીઃ કોર્પો.ના ૧૫૦૦ જેટલા પ્લોટ ખુલ્લા પડયા છે

રાજકોટ,તા.૧૮

બોગસ દસ્તાવેજ કૌભાંડના પગલે જીલ્લા કલેકટર તંત્રે એકશનમાં આવી ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દીધુ છે. જેમાં હવે રાજકોટ શહેરના મ્યુનિ. કોર્પો.ના ખુલ્લા પ્લોટો તેમજ યુએલસીની ફાજલ જમીનને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરી દેવામાં આવેલ છે.

જેના પગલે જીલ્લાભરમાં તાકીદના ધોરણે અધિકારીઓ દ્વારા મ્યુનિ. કોર્પો. અને સરકારી જમીનને સુરક્ષીત કરવા માટે કામગીરી આરંભી દેવામાં આવી છે. આવી યુએલસીની ફાજલ જમીનો-પ્લોટોને સુરક્ષીત કરવાની સાથે તેમાં માલીકી દર્શાવતા બોર્ડ મુકવા પણ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા તાકીદ કરવામાં આવેલ છે.

રાજકોટમાં મ્યુનિ. કોર્પો.ના જ માત્ર ૧૫૦૦ જેટલા ખુલ્લા પ્લોટો આવેલ છે. જયારે જીલ્લામાં યુએલસીની સરકારી ફાજલ જમીનોના પ્લોટોની સંખ્યા ખુબજ મોટી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા જીલ્લામાં યુએલસીની ફાજલ જમીનોના પ્લોટો અને તેના પર થયેલા દબાણોની માહિતી ડે.કલેકટરો, પ્રાંત અધિકારીઓ અને મામલતદારો પાસેથી તાબડતોબ મગાવવામાં આવી હતી.

જે બાદ હવે જીલ્લામાં યુએલસીની જમીનના ફાજલ પડેલા પ્લોટોને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા માટે કલેકટર પ્રભવ જોશી દ્વારા ડેપ્યુટી કલેકટરો, પ્રાંત અધિકારીઓ, મામલતદારો અને ડીઆઈએલઆરને આદેશ કરી દેવામાં આવેલ છે.

કલેકટરના આ આદેશના પગલે રાજકોટના કોઠારીયા સહિતના વિસ્તારો તેમજ જીલ્લામાં યુએલસીની ફાજલ પડેલી જમીનના પ્લોટોને ફેન્સીંગ કરવાની કામગીરી આરંભી દેવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૫૦૦ જેટલા ખુલ્લા રહેલા પ્લોટોને પણ ફેન્સીંગ કરી સુરક્ષીત કરવાનું શરૂ કરી દેવામાં આવેલ છે.

સુત્રોએ વિશેષમાં જણાવ્યું હતું કે, જીલ્લામાં સરકારી જમીનો પર થયેલા દબાણોને હટાવવા માટે કલેકટર તંત્ર દ્વારા ખાસ ભાર મુકવામાં આવી રહ્યો હોય આવા દબાણોના મામલે મામલતદારો દ્વારા ફરીથી સર્વે કરી કલેકટર તંત્રને રીપોર્ટ કરવામાં આવેલ છે. દસ્તાવેજ કૌભાંડ ધણધણી ઉઠયા બાદ આ પ્રકરણમાં રાજય સરકારને રીપોર્ટ તંત્ર દ્વારા મોકલી દેવામાં આવેલ છે.તેની સાથોસાથ કલેકટર તંત્રની સાથે પોલીસે પણ આ કૌભાંડની તપાસમાં ઝુકાવ્યું છે. આ દરમ્યાન હવે જીલ્લામાં યુએલસીના ફાજલ જમીન અને કોર્પોરેશનના તમામ ખુલ્લા પ્લોટોને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા કલેકટર દ્વારા આદેશ અપાતા અધિકારીઓ દ્વારા આ અંગેની કામગીરી જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે.



રાજકોટ તાલુકાની જય વેલનાથ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રેખાબેન એમ ચૌહાણની બદલી થતા શાળામાં વિદાય સન્માન સમારોહ અને તેમના જન્મદિનની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં કૂવાડવાના સરપંચ અને કુવાડવા ગામની બધી શાળાના આચાર્ય શ્રીઓ હાજર રહેલ હતા.રેખાબેને આ શાળામાં ૨૦ વર્ષ નોકરી કરી છે અને શાળાના તમામ બાળકોને પેડ આપેલ હતા.. જય વેલનાથ શાળાના એચ ટાટ આચાર્ય ગીરીશભાઈ સાદીયા અને સંજયસિંહ પરમાર, કિંજલબેન શિશાંગીયા, જલ્પાબેન ગોંડલીયા ,કેશાબેન શાહ, પ્રીતિબેન ગાંધી, કુરેશીભાઈ અને ચિત્વાબેન નમેરા આ શિક્ષકમિત્રોએ આ કાર્યક્રમ ને સફળ બનાવેલ.. શાળા પરિવાર તરફથી રેખાબેનને સાલ શ્રીફળ અને સન્માનપત્રક ભેટ આપવામાં આવેલ અને રેખાબેને તમામ શિક્ષકમિત્રોને ચાંદીના બિસ્કિટ આપેલ.

# સુરેન્દ્રનગરમાંથી ગાંજાના વાવેતર કરનાર શખસની ધરપકડ કરાઇ



સુરેન્દ્રનગર, તા. ૧૭ઃ ગેરકાયદેસર લીલા ગાંજાના વાવેતરના છોડ નંગ-૧૦ વજન ૧૭ કિલો.૪૫૦ ગ્રામ કિ.રૂ. ૧,૭૪,૫૦૦/- સાથે એક ઇસમને પકડી પાડતી એસ.ઓ.જી. સુરેન્દ્રનગર સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો. ગીરીશ પંડ્યા સાહેબની સુચના મુજબ સુરેન્દ્રનગર જીલ્લામાં એન.ડી.પી.એસ.ના ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુનાહીત પ્રવુતી નેસ્ત તાબુદ કરવા માટેની સુચના અને માગેદશેન આપેલ હોય જે અનુસંધાને ઇંઈ શ્રી બી.એચ. શીંગરખીયા નાઓને બાતમી મળેલ કે ગભરૂભાઇ દાદભાઇ ખાચર કાઠી દરબાર રહે,ગંગાજળ તા.સાયલા જી.સુરેન્દ્રનગર વાળો ધજાળા પોલીસ સ્ટેસન વિસ્તારના ગંગાજળ ગામ પોતાના કબજા ભોગવટાના ભોગવટાના મકાનના ફળીયામાં ગેરકાયદેસર ગાંજાનાં છોડનું વાવેતર કરેલ છે. આ ગાંજાના છોડ તેઓએ વેચાણ માટે વાવેલ છે જે બાતમી આધારે રેઈડ કરી આરોપી પાસેથી ગેરકાયદેસર લીલા ગાંજાના છોડ નંગ-૧૦ વજન ૧૭ કિલો ૪૫૦ ગ્રામ કિ.રૂ. ૧,૭૪,૫૦૦/- સાથે પકડી પાડી કેસ શોધી કાઢી ધોરણસર અટક કરી ધજાળા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધ્યો હતો.

# રાજકોટ એસ.ટી. વિભાગને હજુ વધુ ૫ નવી વોલ્વો મળશે







## નવી વોલ્વો બસો રાજકોટથી ભુજ અને નાથદ્વારા રૂટ ઉપર દોડશે

રાજકોટ તા.૧૮


તાજેતરમાં રાજકોટ એસ.ટી. ડીવીઝનને અદ્યતન નવી વોલ્વો એ.સી. બસોની ફાળવણી થતા તેમાંથી પાંચ બસો રાજકોટ ડેપોને ફાળવતા નવી બસોને લાંબા રૂટ ઉપર મુકવામાં આવી છે. એસ.ટી. બસ પોર્ટમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે નવી એ.સી. વોલ્વો બસને લીલી ઝંડી આપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપો મેનેજર, વોલ્વો વિભાગના મેનેજર, એસ.ટી. કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ વિભાગને અત્યાર સુધીમાં ૧૫ નવી વોલ્વો બસો મળી છે અને હજુ વધુ ૫ બસો ટુંક સમયમાં આવી રહી છે. સરકારશ્રીના ગોલ્ડન ગોલ ખાતે લઈ રાજ્યની પ્રજાને મુસાફરી દરમ્યાન વધુ સુખાકારી યુક્ત પરિવહન સેવાઓ મળી રહે તે હેતુથી એસ.ટી. નિગમ દ્વારા સૌપ્રથમ વર્ષ ૨૦૧૦થી અમદાવાદ-વડોદરા વચ્ચે ૧૦ હાઈએન્ડ પ્રકારના પ્રીમીયમ વાહનો સંચાલનમાં મુકી શરૂઆત કરેલ હતી.

આ સર્વિસમાં મુસાફરોનો સારો પ્રતિસાદ મળતા નિગમ દ્વારા ઉતરોતર વધારો કરી નવીન ૧૦૦ વોલ્વો બસ મુસાફરોની સેવામાં મુકવામાં આવનાર છે જે પૈકી ૬૦ બસો મળી જવા પામેલ છે. હજુ આગામી ટુંક સમયમાં અન્ય ૪૦ વોલ્વો બસ પણ મુસાફરોની સેવામાં મુકવામાં આવનાર છે.રાજકોટ વિભાગ ખાતે દિવાળીની સીઝન દરમિયાન ૧૦ નવીન વોલ્વો ફાળવવામાં આવેલ તેમજ ગઈકાલે અન્ય ૦૫ નવીન વોલ્વો બસ રાજકોટ વિભાગને ફાળવવામાં છે. આ બસ ભુજ તથા નાથદ્વારા રુટ પર ચલાવવામાં આવશે.

રાજકોટથી ભુજનું ભાડુ રૂ.૬૩૪ (વાયા મોરબી, સામખીયાળી, ગાંધીધામ, ભચાઉ) તથા રાજકોટથી નાથદ્વારાનું ભાડુ રૂ.૧૩૭૧ (વાયા મોરબી, અમદાવાદ, હીમતનગર, શામળાજી, ઉદેપુર) રહેશે.રાજકોટથી ભુજ ૦૬.૦૦, ૧૨.૩૦, ૧૭.૩૦, ભુજથી રાજકોટ ૦૫.૦૦, ૧૦.૦૦, ૧૩.૦૦ અને રાજકોટથી નાથદ્વારા ૧૬.૩૦ તથા નાથદ્વારાથી રાજકોટ ૧૬.૩૦નો સમય રહેશે. નવી વોલ્વો બસોમાં ૪૭ સીટીંગ કેપેસીટી, ૨*૨ લેધર અને આરામદાયક પુશબેક સીટ, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જીંગ ફેસીલીટી, ફાયરસેફ્ટી માટે અદ્યતન સ્પ્રિંગલ સિસ્ટમ, સ્મોક ડિરેક્ટર અલાર્મ, એલઈડી ટીવી, એકઝોસ્ટ ફેન સાથેના હેચ અને ઈમર્જન્સી એકઝીટ ડોર રહેશે.

# રાજકોટ કલેક્ટરનું માનવિય અભિગમ: પાકિસ્તાની સગીરનું અઢી વર્ષ બાદ માતા-પિતા સાથે મિલન કરાવ્યું



રાજકોટ,તા.૧૮

વ્યક્તિની સાચી ઓળખ તેની માનવતા છે. તમારું વ્યક્તિત્વ તમે કેટલા ઉદાર છો તેના પરથી પણ નક્કી થાય છે. આવી ઉદારતા રાજકોટમાં જોવા મળી છે. રાજકોટના જિલ્લા કલેક્ટર વાસ્તવિક બજરંગી ભાઈજાન બન્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૦૨૨માં પોરબંદરના દરિયામાં એક પાકિસ્તાની બોટ પકડાઈ હતી. આ પાકિસ્તાની બોટમાં મળી આવેલા બાળકનેને રાજકોટ ખાતે ઓબ્ઝર્વેશન હોમમાં રાખવામાં આવ્યો હતો. આ યુવાનને અઢી વર્ષ પછી રાજકોટથી પાકિસ્તાન પરત મોકલવા આવ્યો છે.

સપ્ટેમ્બરમાં, કલેક્ટર અને તેમનો સ્ટાફ બાળકને અટારી બોર્ડર પર લઈ ગયો અને તેને તેના માતાપિતા સાથે મિલન કરાવ્યું. ગત સપ્ટેમ્બરમાં રાજકોટ જિલ્લા કલેક્ટરનો સ્ટાફ બાળકને અટારી બોર્ડર પર લઈ ગયો. સગીર અને તેના માતાપિતાના મિલનના દ્રશ્યો ખૂબ જ ભાવનાત્મક હતા.

૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પોરબંદરના દરિયામાં એક પાકિસ્તાની બોટ માછીમારી કરતી પકડાઈ હતી. જેમાં એક સગીર બાળક પણ હતો. આ સમયે, સગીર બાળક સામે પાણીમાં ગેરકાયદેસર પ્રવેશ કરવા બદલ ફરિયાદ નોંધવામાં આવી હતી. સગીરને દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેને રાજકોટ ઓબ્ઝર્વેશન હોમ રાજકોટમાં મોકલવામાં આવ્યો હતો.

જેમાં બાળકને તેની અઢી વર્ષની સજા પૂર્ણ કર્યા પછી પાકિસ્તાન મોકલવાની તૈયારીઓ કરવામાં આવી હતી. રાજકોટ કલેક્ટર સામાજિક સુરક્ષા વિભાગ અને પોલીસ અધિકારીઓ તેને વાઘા બોર્ડર પર લઈ ગયા હતા. ૦૬/૦૯/૨૦૨૪ના રોજ તેને વાઘા બોર્ડર પર લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં બાળકના માતાપિતાને સોંપવામાં આવ્યો હતો.

# રૈયા-નાના મવા રોડ પરથી ઘી-પનીરના પાંચ નમુના લેવાયા

## સતવા માર્કેટીંગ-બ્લીનકીટ સ્ટોરમાં તપાસ: જુના મોરબી રોડ, કોઠારીયા રોડ પર ૨૭ ધંધાર્થીને ત્યાં તપાસ

રાજકોટ, તા.૧૮

મનપાની ફૂડ શાખા દ્વારા ચેકીંગ ડ્રાઈવ સાથે નમુનાની ડ્રાઈવ પણ ચાલુ રાખી છે. તે અંતર્ગત રૈયા રોડ અને નાના મવા રોડ પરથી ગાયના ઘી અને બટરના પાંચ નમુના લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે.

રૈયા સ્મશાન સામે વેજા ગામ રોડ પર આવેલ સતવા માર્કેટીંગમાંથી મિલ્કી મિસ્ટ ગાયનું ઘી, મલાઈ પનીર, પ્રોસેસ્ડ પનીર, કુકીંગ બટરના ચાર નમુના પેકીંગમાંથી લેવાયા હતા. તો નાના મવા રોડ જય ભીમ સર્કલ પાસે ગોલ પાર્કમાં આવેલ બ્લીનકીટ ડાર્ક સ્ટોરમાંથી પણ પારસ દેશી ઘી અને આબાદ ગાયના ઘીનો નમુનો લેવાયો છે. શુધ્ધના નામે વેંચાતા છુટક અને કંપની પેકડ દૂધની બનાવટોનું આ રીતે પરીક્ષણ ચાલુ



રહ્યું છે. દરમ્યાન ફૂડ વિભાગની ટીમે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ડી- માર્ટ થી જૂનો મોરબી રોડ તથા આંબેડકર ચોકડીથી કોઠારીયા રોડ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૭ ધંધાર્થિઓને ત્યાં ૨૦ નમુનાની ચકાસણી કરી હતી. જેમાં (૧)ક્રિષ્ના ડિલક્સ પાન કોલ્ડ્રિંક્સ (૨) બજરંગ પાણીપુરી (૩) ભવાની સુપર માર્ટ (૪) ક્રિષ્ના ગાંઠિયા (૫) બજરંગ ઢોસા (૬) ઠાકરધણી પાન (૭) શક્તિ ટી સ્ટોલ (૮) રાધે આઇસ્ક્રીમ (૯) કટક બટક ફૂડને લાયસન્સ માટે નોટીસ ફટકારવામાં આવી છે.

આ ઉપરાંત (૧૦) ન્યુ પટેલ આઇસ્ક્રીમ (૧૧)શ્રીનાથજી ફૂડ કોર્પોરેશન (૧૨) અતુલ આઇસ્ક્રીમ (૧૩) બજરંગ મોમોઝ સેન્ટર (૧૪) શિવશક્તિ દાબેલી (૧૫) શ્રી ક્રિષ્ના આઇસ્ક્રીમ (૧૬)જય અંબે પ્રોવિઝન સ્ટોર (૧૭) લાઇફ કેર ફાર્મસી (૧૮) મનમંદિર કોલ્ડ્રિંક્સ (૧૯) જય કિશન ડેરી ફાર્મ (૨૦) પાલવ આઇસ્ક્રીમ (૨૧) ખોડિયાર પ્રોવિઝન સ્ટોર (૨૨) વેણુ રેસ્ટોરેન્ટ (૨૩) સુંધાગ ડેરી ફાર્મ (૨૪) મુરલીધર ફરસાણ (૨૫) ભાવિક ટ્રેડિંગ (૨૬)ખોડિયાર હોટલ (૨૭) જલારામ ખમણ હાઉસમાં ચકાસણી કરવામાં આવી હતી.

# બાકી બેન્ક લોન ભરપાઈ નહી કરાતા ભગવતીપરામાં મકાનનો કબ્જો લેતુ રેવન્યુ તંત્ર



## બાકીદારે રૂા.૧૭.૩૫ લાખની બાકી બેન્ક લોન ભરી ન હતી

રાજકોટ તા.૧૮

બાકી બેન્ક લોનનાં કિસ્સામાં આજરોજ જિલ્લા કલેકટરનાં આદેશ મુજબ રાજકોટ શહેરનાં પુર્વ મામલતદારે ભગવતીપરા વિસ્તારમાં બાકીદારનાં મકાનનો કબ્જો લઈ બેંકને સોંપી દીધો હતો. આ અંગેની મામલતદાર કચેરીનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજરોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશી અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ના માર્ગદર્શન હેઠળ મામલતદાર એસ.જે.ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર (પુર્વ) અને સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેન એકટ હેઠળ મિલ્કતનો કબ્જો લીધો હતો.

તેની માટેની નોટિસ ગત તા.૨૯/૧૧/૨૪નાં ડી.આર. પુરોહીત, નાયબ મામલતદાર દ્વારા તૈયાર કરી મામલતદાર, રાજકોટ શહેર (પુર્વ)ની સહી કરી બજવેલ હતી.પિરામલ હાઉસીંગ ફાઈનાન્સ લી. દ્વારા હંસાબેન ભોપાભાઈ વાઘેલાની રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નંબર ૬ પૈકી ન્યુ સુખસાગર-૨ શેરી નં.૫ના પ્લોટ નંબર ૯૦ ની જમીન ચો.મી. ૫૪-૩૬ બરાબર ચો.વા.આ. ૬૫ આવેલ મકાનનો કબ્જો આજરોજ ધી સિક્યુરાઈઝેન એકટ હેઠળ મિલકતનો કબ્જો લઈ પિરામલ હાઉસીંગ ફાઈનાન્સ લી.ના અધિકૃત અધિકારીને કબ્જો સોંપવામાં આવ્યો હતો.મિલ્કત ઉપર તા.૧૪/૨/૧૯ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂા.૧૭,૩૫,૬૧૦ અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબ્જો લેવામાં આવ્યો હતો.

# સુભાષનગર, કુવાડવા રોડ, બાપુનગર સહિત ૯ મિલ્કત સીલ

## પેડક રોડ, રૈયા રોડ પર નળ જોડાણ કટઃ વધુ ૧૫ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ ફટકારાઇ



રાજકોટ, તા.૧૮

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા રીકવરી ઝુંબેશમાં આજે વધુ ૯ મિલ્કત સીલ કરીને ૩ નળ જોડાણ કાપવામાં આવ્યા છે. મોરબી રોડ, વોર્ડ નં.૨, વોર્ડ નં.૮માં આ કાર્યવાહી થઇ હતી. તો ર૬.૫૯ લાખની રીકવરી થઇ છે અને ૧૫ મિલ્કત જપ્તીમાં લેવામાં આવી છે.

વોર્ડ નં.૨માં સુભાષનગરમાં ભૂમિ પ્લાઝાના ગ્રાઉન્ડ ફલોર પર બે અને રેલ્વે ટ્રેક નજીક શંકર વોચ કોર્નરમાં એક યુનિટ સીલ મારી દેવામાં આવ્યું છે. વોર્ડ નં.૩માં ભારત નમકીન, દેવકુંવરબા હાઇસ્કુલ પાસે, દાણાપીઠ પાસેના ડેલામાં નોટીસ અપાતા રીકવરી થઇ હતી. વોર્ડ નં.૪ કુવાડવા રોડના જય ગુરૂદેવ કોમ્પ્લેક્ષમાં દુકાન, મોરબી રોડની શાનદાર રેસીડેન્સીમાં દુકાન, આંગણવાડી બાજુમાં વેલનાથપરા-૨માં પટેલ હાર્ડવેરમાં સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૫ના પેડક રોડ, રણછોડનગરમાં અને પેડક રોડ પારૂલ ગાર્ડન નજીક, અલ્કા પાર્કમાં બે નળ જોડાણ કાપી નંખાયા હતા.

વોર્ડ નં.૮માં નાના મવા રોડ પર રીકવરી થઇ હતી. તો રૈયા રોડ પર સમર્પણ સોસાયટીમાં નળ જોડાણ કાપતા ચેક જમા થયો હતો. વોર્ડ નં.૧૨માં મવડીમાં વાગડ ચોકડી નજીક મવડી પ્લાઝામાં ટેકસની ટીમ ત્રાટકતા આઠ મિલ્કતમાંથી સાડા ચાર લાખની રકમના ચેક આવ્યા હતા. વોર્ડ નં.૧૪ બાપુનગરમાં વિનોદ હોટલવાળી શેરીમાં પાયોનીયર એન્જી. નજીક બે મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧૫ કોઠારીયા રોડ, શિવધારા પાર્ક-૨માં પણ એક મિલ્કત સીલ કરાઇ હતી. વોર્ડ નં.૧૮માં માલધારી ફાટક પાસે બાલાજી ઇન્ડ. એરીયા, રોલેક્ષ પાછળ રાધેશ્યામ ઇન્ડ. એરીયા, વરૂણ ઇન્ડ. એરીયા, નિલકંઠ ઇન્ડ. એસ્ટેટમાં રીકવરી કરવામાં આવી હતી.

# રાજકોટ જિલ્લામાં ટી.બી. નિર્મૂલન અભિયાન માટે ૫૦થી વધુ ટીમો મેદાનમાં ઉતારાઈ

## કલેકટરની સુચનાના પગલે ખાસ ઝુંબેશ જન જાગૃતિ રેલી અને બે લાખથી વધુ પેમ્પલેટનું કરાશે વિતરણ

રાજકોટ તા.૧૮

રાજકોટ જિલ્લામાં ટી.બી. નિર્મૂલન અભિયાન માટે કલેકટર પ્રભવ જોશીની સુચનાના પગલે ૫૦થી વધુ ટીમો મેદાનમાં ઉતારવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ટી.બી.ના દર્દીઓની સંખ્યામાં અને ટી.બી.થી થતા મૃત્યુદરમાં ઘટાડો કરવાના ઉદેશ સાથે ગત તા.૭થી ૧૦૦ દિવસના આ અભિયાનનો પ્રારંભ થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં એક એક વ્યકિત સુધી પહોંચવા માટે આ સઘન કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં જનજાગૃતિ માટે ૧૦૦થી વધુ જનજાગૃતિ રેલી યોજવામાં આવશે.

આ ઉપરાંત ટીબી નાબુદીનાં અભિયાનનો પ્રારંભ કરાયો છે. ત્યારે રાજકોટ જિલ્લામાં- કલેકટર પ્રભવ જોશી અને માર્ગદર્શન હેઠળ ખાસ અલગ અલગ ટીમો બનાવવામાં




આવી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં એક એક લોકો સુધી પહોંચવા માટે જિલ્લાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ટીબી નાબૂદી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે. તેમજ જિલ્લામાં અલગ અલગ ગામડાઓમાં નાના-મોટે ૧૦૦ પણ વધુ નાના મોટી જાગૃતિ માટે રેલીઓ યોજવામાં આવશે

ગામે- ગામે જઈ સ્કૂલો તેમજ ગામના લોકોને ટીબી માટેની જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યો છે. જેમાં તંત્ર દ્વારા બે લાખથી પણ વધુ લોકોને જાગૃતિ માટે પેમ્પલેટ છાપવામાં આવ્યાં છે. સોશિયલ મીડિયાના માધ્યમથી પણ ઝુંબેશ હાથ ધરવા માટે કલેકટર દ્વારા સુચના આપી દેવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એક-એક લોકો સુધી પહોંચીને ટીબીથી લોકોને જાગૃત કરવા અલગ-અલગ વિસ્તારોમાં રેલીઓનું પણ આયોજન કરવામાં આવશે.

દેશને સંપૂર્ણપણે ટીબી મુક્ત કરવા કેન્દ્ર સરકારનું અભિયાન ચાલી રહ્યું છે. ટીબીના દર્દીને પોષણક્ષમ ખોરાક મળી રહે તે માટે કેન્દ્ર સરકારના હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દરેક દર્દીને સારવાર ચાલે ત્યાં સુધી મહિને રૂ.૫૦૦ની સહાય આપવામાં આવતી હતી. આ રકમ સીધી તેમના ખાતામાં જમા થતી હતી.

# બેંક કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ દર માસે ચુકવવા માંગણી ઉઠી

## શ્રમમંત્રી મનસુખભાઈ માંડવીયાને લેખિત રજૂઆત



રાજકોટઃ સરકાર દ્વારા દર માસના અંતે મોંઘવારી ભાવાંક જાહેર થાય છે. રાષ્ટ્રીયકૃત બેંકના નિવૃત પેન્શન ધારક કર્મચારીઓને આ મોંઘવારી ભથ્થુ દર છ માસના સમયગાળામાં મળી રહ્યું છે. વર્ષના ફેબ્રુઆરી અને ઓગષ્ટ માસમાં આ મોંઘવારી ભથ્થુ જમા થાય છે.

નિવૃત બેંક કર્મચારી ભાવેશ આચાર્યએ શ્રમમંત્રી મનસુખ માંડવીયાને પત્ર લખી આ મોંઘવારી ભથ્થુ દર મહીને જમા થાય એ રીતે વ્યવસ્થા કરવા પત્ર દ્વારા માંગ કરી છે જેની નકલ નાણામંત્રી તેમજ ઈન્ડિયન બેંક એસોસીએશનને મોકલી છે.તેમણે પત્રમાં જણાવ્યું છે કે નિવૃતિ બાદ તેમની આવક તેમના પગારના ત્રીજા ભાગની થઈ જાય છે જેની ઉપર સરકાર મોંઘવારી ઉમેરીને પેન્શન આપે છે. પરંતુ આ મોંઘવારી ભથ્થુ સરકાર દ્વારા જાહેર થયાના છ માસ બાસ આપવામાં આવે છે. ડીજીટલ દાયકાના સમયમાં સરકાર સીપીઆઈ (કધઝ્યુમર પ્રાઈસ ઈન્ડેકસ) દર માસના અંતે જાહેર કરે છે.તો સરકાર ધારે તો કેન્દ્ર, રાજય કે સરકારની સ્વાયત સંસ્થાઓના તમામ નિવૃત કર્મચારીઓ દર માસે મોંઘવારી ભથ્થુ આપી શકે તેમ છે. સરકાર સીનીયર સિટીઝનો માટે ઘણા પગલાઓ લઈ રહી છે તે આવકારદાયક છે તે સાથે આ બાબતે પણ હકારાત્મક નિર્ણય લઈ નિવૃત કર્મચારીઓને આ મોંઘવારીમાં ચોકકસ રાહત આપશે તેવી આશા ભાવેશ આચાર્યએ વ્યકત કરી છે.

# અશાંતધારા વિસ્તારમાં પોલીસ ત્રાટકી સુભાષનગર, નહેરૂનગરમાં ઘરે ઘરે તપાસ ૨ ગુના નોંધાયા





## સુભાષનગર શેરી નં.૮માં ફિરદોશબેન શેખ, શેરી નં.૪માં તારીક હિમાની સાથે પોલીસને જાણ કર્યા વગર ભાડે મકાન આપતા જાહેરનામા ભંગની કલમ હેઠળ કાર્યવાહી પોલીસ તપાસનો ધમધમાટ અવિરત

રાજકોટ,તા.૧૭

રાજકોટમાં અશાંતધારા વિસ્તારમાં કેટલાક લોકોએ ગેરકાયદેસર મીલકતો લઈ ભાડે આપી દીધાનું સામે આવતા ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ દ્વારા કલેકટરને ધારદાર રજુઆત કરવામાં આવી હતી. જે સંદર્ભે આજ વ્હેલી સવારથી જ રૈયા રોડ પરના સુભાષનગર, નહેરૂનગર સહીતના વિસ્તારમાં ગાંધીગ્રામ પોલીસ ત્રાટકી હતી અને ઘરે ઘરે તપાસ કરી જાહેરનામા ભંગના ૨ ગુના નોંધી તપાસ યથાવત રાખી હતી.

શહેરના રૈયા રોડ પર આવેલ સુભાષનગર, નહેરૂનગર, પત્રકાર સોસાયટી, બજરંગવાડી, વાંકાનેર સોસાયટી સહીતના વિસ્તારોમાં હિન્દુઓના નામે મુસ્લીમો મકાન ખરીદી રહ્યા છે. તેમજ મીલકતો હિન્દુઓના નામે અને મુસ્લીમો રહેતા હોય તેવી ફરીયાદો ઉઠતા ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ સહીતના આગેવાનોએ કલેકટરને ઉગ્ર રજુઆત કરી રૈયા રોડ વિસ્તારમાં તટસ્થ તપાસ કરવા માંગણી કી હતી.

જે બાદ આજે વ્હેલી સવારથી જ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ કરપડાની રાહબરીમાં સર્વેલન્સ સ્કોડ સહીતનો પોલીસ કાફલો અશાંતધારા વિસ્તારમાં અંદાજીત ૧૭ ફાઈલો લઈ ઉતરી પડી હતી. જેમાં સુભાષનગર શેરી નં.૨, ૩ અને ૬ તેમજ નહેરૂનગરના કેટલાક વિસ્તારમાં તપાસ કરી હતી. પોલીસની ટીમે ઘરે ઘરે જઈ તપાસ કરી હતી. જેમાં કેટલાક ઘરે તાળા લગાવેલ હતા. તેમજ સુભાષનગરમાં રહેતા બે મકાન માલીકો સામે ગુના નોંધાયા હતા.

જેમાં સુભાષનગર શેરી નં.૮/બ આમ્રપાલી સીનેમા પાછળ રહેતા ફિરદોશબેન સબીર શેખ અને સુભાષનગર શેરી નં.૪માં રહેતા તારીક નુરદીનભાઈ હિમાનીએ પોતાની મિલ્કત પોલીસને જાણ કર્યા વગર અન્ય લોકોને ભાડે આપી દેતા બન્ને મકાન માલિકો વિરુદ્ધ જાહેરનામા ભંગની એક્ટ ૨૨૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

તેમજ અંદાજીત ૧૭ જેટલા મકાનોની તપાસમાં મકાન માલીકોને પોતાના દસ્તાવેજ સહીતના કાગળો સાથે પોલીસ મથકે બોલાવવામાં આવ્યા છે.

ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈના જણાવ્યા મુજબ, ૧૭ જેટલી ફાઈલોના આધારે ઘરે-ઘરે જઈ તપાસ કરવામાં આવેલ છે. હજુ પણ તે લોકોએ પોલીસને જાણ કર્યા વગર મિલ્કત ભાડે કે કોઈ અન્ય ફેરફાર કર્યા હશે તો ગુનો નોંધવામા આવશે.



**ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા અશાંતધારા મુદ્દે ઉઠાવેલા પ્રશ્નમાં આજે પોલીસ એક્શન મોડ માં જોવા મળી અશાંતધારા નો કડક હાથે પાલન થાય એ માટે પણ સૂચનાઓ આપવામાં આવી**

### ૨૦૨૩ના કેગના રીપોર્ટમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં કૌભાંડ હોવાનું રાજ્ય સરકારને જણાવાયું હતું

# બોગસ કાર્ડ, બોગસ દર્દીઓ, PM-JAYમાં નવું કૌભાંડ ૬ની ધરપકડ

## કેગના રીપોર્ટમાં ૫૦ હોસ્પિટલોની તપાસમાં બેડની કુલ ક્ષમતા કરતાં દરેક સમયે ડબલ દર્દીઓ દર્શાવીને સરકાર પાસેથી નાણાં મેળવી લેવાયા હતા

નવી દિલ્હી, તા.૧૭

ગુજરાતમાં ખ્યાતિ હોસ્પીટલ બાદ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં બનાવટી કાર્ડનું કૌભાંડ ખુલ્યા બાદ તેમાં ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આ માટે એક બાદ એક સ્થળોએ દરોડા પાડ્યા છે અને સમગ્ર કૌભાંડ દેશવ્યાપી હોવાની પણ આશંકા છે.

ક્રાઈમ બ્રાંચ આ અંગે પોલીસ વડાને પણ રીપોર્ટ કર્યો છે. આ અગાઉ ૨૦૨૩ના કેગના રીપોર્ટમાં આ યોજનામાં મોટી ગેરરીતિ ચાલતી હોવાનો પર્દાફાશ થયો હતો પરંતુ તેમાં સરકાર દ્વારા કોઈ ગંભીરતાથી પગલા ન લાવાતા કૌભાંડીઓની હિંમત ખુલી ગઈ હતી.




**સુરેન્દ્રનગરની મેડીકો મલ્ટી સ્પેશ્યાલીસ્ટનું દ્રષ્ટાંત અપાયું ૩૪ બેડની ક્ષમતા સામે એક સાથે ૯૭ દર્દીની સારવારના કાગળો બનાવાયા**

કેગ દ્વારા ગુજરાતની ૫૦ જેટલી હોસ્પીટલોમાં આ અંગે તપાસ કરવામાં આવી હતી અને અનેક હોસ્પીટલોમાં બેડની ક્ષમતા કરતા પણ વધુ દર્દીઓની સારવાર કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. કુલ ૫૦ હોસ્પીટલોમાં ૨૫૫૨ બેડની સુવિધા એક સાથે મોજુદ હતી.

જેમાં તમામ સમયે હોસ્પીટલો કુલ દર્શાવાતી હતી પરંતુ ક્ષમતા કરતા ડબલ દર્દીઓએ સારવાર લીધી હોવાનું ખુલ્યું હતું. એટલું જ નહીં તેમાં હોસ્પીટલોના નામજોગ સરકારને માહિતી આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગરની મેડીકો મલ્ટી સ્પેશ્યાલી હોસ્પીટમાં ૮ માર્ચ-૨૦૨૧ના ૩૪ બેડની ક્ષમતા સાથે ૯૭ દર્દીઓને તે જ સમયે સારવાર આપી હોવાનું દર્શાવાયું હતું. આમ બોગસ દર્દીઓ ઉભા કરીને તેના બોગસ ડોક્યુમેન્ટ પણ ઉભા કરાયા હતા.

તેના આધારે સરકાર પાસેથી જંગી રકમ મેળવાઈ રહી હતી. ગુજરાત સરકારે રુા.૩૧૦૦ કરોડ જેવી રકમ ફાળવી હતી જેમાં અડધો-અડધ રકમ આ રીતે ચાઉં થઇ હોવાનું દર્શાવ્યું હતું. સુત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા જો અગાઉથી પગલા લેવાયા હોત તો તેમાં ખ્યાતિ જેવા પ્રકરણો થયા ન હોય તે નિશ્ચિત છે.

# ગુજરાતમાં દર ૨ મિનિટે એક ટન પ્લાસ્ટિક કચરો પેદા થાય છે

## રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલનો મંત્ર પ્લાસ્ટિકનાં કચરાને રોકવામાં મદદ કરી શકે



અમદાવાદઃ તાજેતરમાં લોકસભામાં રજૂ કરાયેલ ડેટા અનુસાર ગુજરાતમાં ૨૦૨૨-૨૩માં દર બે મિનિટે એક ટન પ્લાસ્ટિક કચરો ઉતપન્ન થાય છે અને દર કલાકે ૩૧ ટન અને આખરે વાર્ષિક ૨.૭૧ લાખ ટન પ્લાસ્ટિક કચરો ઉતપન્ન થાય છે. આ આંકડાએ દેશનાં રાજયોમાં ગુજરાતને છઠ્ઠા સ્થાને રાખ્યું છે.તમિલનાડુ, વાર્ષિક ૭.૮૨ લાખ ટન પ્લાસ્ટિક કચરા ઉત્પાદન સાથે ટોચ પર છે, ત્યારબાદ તેલંગાણા ૫.૨૮ લાખ ટન અને દિલ્હી ૪.03 લાખ ટન બીજા અને ત્રીજા સ્થાને છે.

ગુજરાત માટે થોડી સારી બાબતએ છે કે ૨૦૨૧-૨૨ માં ૩.૧૩ની લાખ ટન પ્લાસ્ટિક કચરો પેદા થયો હતો, જ્યારે ૨૦૨૨-૨૩માં તે ૨.૭૧ લાખ ટન થયો હતો. જે વાર્ષિક ૧૩.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અગાઉનાં અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું હતું કે અમદાવાદ જેવાં શહેરોમાં પેદા થતાં કુલ પ્લાસ્ટિકનાં કચરામાંથી મુખ્ય ૮૮ ટકા હિસ્સો ઉચ્ચ ઘનતા અને ઓછી ઘનતાવાળા પોલિઈથિલિનનો હતો. કોથળીઓ, દૂધનાં પાઉચ, પેકિંગ વસ્તુઓ વગેરે સૌથી વધુ હોય છે અન્ય ઘટકોમાં પોલીપ્રોપીલીન, પીવીસી અને પોલીઈથીલીનનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કામ કરતાં પર્યાવરણવાદીએ જણાવ્યું હતું કે, ‘‘ઘણી જગ્યાએ કાગળની થેલીઓ સહિતની બેગ કેરી કરવાની વાત આવે ત્યારે પોલિઈથિલિનના અવેજીનો ઉપયોગ કરવા અંગે જાગૃતિ આવી છે. પરંતુ હજુ પણ પ્લાસ્ટિકની થેલીઓ છૂટક ખરીદી પર પ્રભુત્વ ધરાવે છે, પછી ભલે તે શાકભાજી અને ફળો હોય કે નક્કર ચીજવસ્તુઓ હોય.

મુખ્ય મુદ્દો સ્ત્રોત પર અલગતાનો છે. જયારે એ વાત સાચી છે કે ઘણાં પ્લાસ્ટિકને રિસાયકલ કરી શકાય છે, ત્યારે અમે મોટાભાગે તમામ કચરાને રિસાયકલ કરી શકીએ છીએ. નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે, આ ગણતરી દર્શાવે છે કે ગુજરાતમાં વસતી દરેક વ્યક્તિ લગભગ ૪.૨ કિલો પ્લાસ્ટિક કચરો પેદા કરે છે. આ દરરોજ લગભગ ૧૧-૧૨ ગ્રામ અથવા બે પોલિઈથિલિન બેગ જેટલું થાય છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલનો મંત્ર એટલે કે પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવો, ફરીથી વાપરી શકાય તેવા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો અને પ્લાસ્ટિકને રિસાયકલ કરવાથી પ્લાસ્ટિકનાં કચરાને રોકવામાં મદદ કરી શકે છે.




રિપોર્ટરઃ કાર્તિક બાવીશી

# વલસાડ ફીટ ઇન્ડિયા સાઇકલીંગમાં ૧૦ કિમીની સાઇકલ રાઇડ યોજાઇ

વલસાડ, તા. ૧૭ઃ સમગ્ર ભારતમાં ફિટ ઇન્ડિયા સાઇકલીંગ ટ્યુશ ડેની ઉજવણી સાથે વલસાડમાં પણ તેના માટે ત્રયમ ફાઇન્ડેશન દ્વારા ૧૦ કિમીની સાઇકલ રાઇડનું આયોજન કરાયું હતુ. ડિસેમ્બરની ફૂલ ગુલાબી ઠંડીમાં યોજાયેલી આ સાઇકલ રાઇડમાં વલસાડ શહેરના અનેક સ્વાસ્થ્ય પ્રેમીઓ જોડાયા હતા. તેમણે વલસાડમાં ૧૦ કિમીની સાઇકલ રાઇડ કરી અન્ય લોકોને પણ સાઇકલીંગ કરવા પ્રેરણા આપી હતી. વલસાડના લોકો શિયાળાના દિવસોમાં રેગ્યુલર સાયકલિંગ કરવા તરફ વળે અને તંદુરસ્ત બને તે માટે ખાસ સાયકલિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડના ત્રયમ ફાઉન્ડેશનના સ્થાપક ભૈરવીબેન જોશી કેન્દ્રીય મંત્રી સાથે સાયકલિંગ કર્યું.

આ ઈવેન્ટની જાહેરાત સોમવારે કરાઇ હતી અને તેની જાહેરાત સાતે માત્ર એક દિવસમાં ૩૯ લોકોએ તેમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ અને તેઓ આ સાઇકલ રાઇડમાં જોડાયા હતા. જ્યારે ત્રયમ ફાઇન્ડેશનના સ્થાપક સભ્ય વલસાડના ડેન્ટીસ્ટ ડો. ભૈરવીબેન જોષીએ દિલ્હી ખાતે કેન્દ્રના લેબર અને એમ્પલોયમેન્ટ મિનિસ્ટર મનસુખભાઇ માંડવીયાની મુખ્ય ઈવેન્ટમાં સાઇકલીંગ કર્યુ હતુ. જ્યારે તેમની સંસ્થા દ્વારા યોજાયેલી ઈવેન્ટમાં વલસાડના અનેક સાઇકલીસ્ટો જોડાયા હતા. જેમાં નાના બાળકોથી લઈ વડીલો અને મહિલાઓ પણ સહભાગી થઇ હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજનમાં ત્રયમ ફાઉન્ડેશનના ખુશ્બુ વૈદ્ય, વિભા દેસાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સાઇકલ રાઇડના આયોજનમાં વલસાડ રેસર્સના સભ્યો નિતેશ પટેલ અને પ્રિતેશ પટેલ પણ સહભાગી થયા હતા.



# દુ:ખદ અવસાન



## સ્વ. સુરેશભાઈ મોહનભાઈ વેકરીયા

**સ્વ. તા. ૧૬-૧૨-૨૦૨૪, માગશર વદ-૧ને સોમવાર**

અમારા પીતાશ્રીને પ્રભુ સદ્‌ગતના, દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી પાર્થના... તા.૨૦-૧૨-૨૦૨૪ને શુક્રવારના રોજ સદ્‌ગતનુ, બેસણુ, રાખેલ છે. સ્થળઃ અમારા નિવાસ સ્થાને ખોડીયાર કૃપા શક્તિ સોસાયટી શેરીનં.૫ સંતકબીર રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે

**સામના મિરર પરીવાર દ્વારા ભાવભિની શ્રધ્ધાંજલી**

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

કોઈપણ સમસ્યાનું સમાધાન એ વાત ઉપર નિર્ભર કરે છે કે સલાહકાર કોણ છે, કારણકે દુર્યોધન શકુની પાસેથી સલાહ લેતો અને અર્જુન શ્રીકૃષ્ણ પાસેથી...

સંગત, અંગત અને કર્મોની પસંદગી સજાગતાપૂર્વક કરીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**



**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE ®
Ravi ENGLISH INSTITUTE
SINCE 2003
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઇઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઇચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઇલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
“શ્રી હરી કોમ્પલેક્ષ” પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઇન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

# લાઈફ ટાઈમ*
# ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

## ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Bagadai**
63555 17630
AM trading
am_trading71

Design by:- With Me Digital : 9537300305


SAPPHIRE GOLD
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in
સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...
2 BHK Flats
618 Carpet
3 BHK Flats
824 Carpet
એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...
@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot
Contact : 94038 90004
RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે


(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062